

# અધ્યાત્મ

વર્ષ : ૧૭    જાન્યુઆરી–૧૯૯૬    અંક : ૪

## * આ દુનિયા બહુરૂપી છે *

આ દુનિયા બહુરૂપી છે. ભગવાનના વિરાટ રૂપની જેમ તે અનેક રૂપ ને રંગથી ભરેલી છે. તેમાં વસનારા જીવો પણ જુદા જુદા છે. કોઇ સુખી છે તો કોઇ દુઃખી. કોઇ પુષ્કળ પ્રમાણમાં ધની છે, તો કોઇ નિર્ધન. કોઇ રોગથી રીબાય છે, તો કોઇ નિરોગી છે. કોઇ ચિંતા, ક્લેશ ને કષ્ટથી મુક્તિ મેળવીને ફરે છે, તો કોઇ દુઃખ, દર્દ ને ચિંતામાંથી ઊંચા જ આવી શકતાં નથી. કોઇ હસે છે, તો કોઇ રડે છે, કોઇ આનંદમાં મહાલી તો કોઇ અસહ્ય શોકમાં સબડી રહ્યા છે. કોઇ નવાં નવાં નામ ને રૂપ લઇને સંસારની યાત્રા કરવા શિશુ થઇને જન્મે છે, ને કોઇ સંસારમાંથી વિદાય લેતા દેખાય છે. કોઇ મિત્રો, સ્નેહી ને સાથીઓથી ઘેરાયલા છે, તો કોઇ એકલા કે અટૂલા છે. તેમને સ્નેહના બે શબ્દો કહેનારું, સાથ દેનારું કે હૂંફ આપનારું કોઇ જ નથી. કોઇ અન્યાય કરે છે, અત્યાચારી બને છે, ને અધર્મનો આશ્રય લે છે, તો કોઇ અન્યાય, અત્યાચાર ને અધર્મમાંથી છૂટવા માટે હાહાકાર કરે છે. મોટાં શહેરોમાં જઇને જુઓ તો ચૌટે ને ચકલે કેટલાં બધાં માણસો દેખાય છે? સભા, સરઘસ ને મેળામાં કેટલા લોકો જોવા મળે છે? સ્ટેશનો ને ગાડીઓમાં પણ કેટલી ઠઠ જામે છે? આ બધા લોકો ને જુદાં જુદાં દૃશ્યો જોઇને શું ભગવાનનું વિરાટ રૂપ યાદ નથી આવતું? આ બધું વિરાટ રૂપનું દર્શન જ છે. ફક્ત તે દર્શન કરવા તમારે તૈયાર થવાનું છે. તે દર્શન કરવાની લાયકાતરૂપી દિવ્ય દષ્ટિ મેળવવાની છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. **ફોન ૪૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ મ. મહેતા | ૧૧ |
| શરણાગતિ | મા સર્વેશ્વરી | ૧૬ |
| યોગેશ્વરને | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૧૭ |
| બેરિસ્ટર મોહનભાઈ વ્યાસની જીવનકથા | જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી | ૧૯ |
| ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન | — | ૨૩ |
| ધ્યાનજન્ય સિદ્ધિ | વિનોબા | ૨૪ |
| ચૂંટેલા પુષ્પો | ભાગવાન | ૩૧ |
| શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કરુણા | એક વૈષ્ણવ | ૩૪ |
| કરુણામૂર્તિ શ્રી શ્રી મા શારદાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૦ |
| सा मां पातु सरस्वती | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૪૭ |
| સર્વેશ્વરી તીર્થનો પ્રથમ પાટોત્સવ | તંત્રી | ૫૧ |
| તવ સ્પર્શે | કનૈયાલાલ જોશી | ૫૯ |
| ઓ ભવવનના વનમાળી ! | પરમાર્થી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૭ જાન્યુઆરી—૧૯૯૬ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૪-૫-૮૧, સોમવાર, ચૈત્ર વદ અમાસ, ૨૦૩૭,**

**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત-૯**

દરરોજની જેમ પૂ. શ્રી રાત્રે ૨॥ થી ૩॥ માળા કરી લે છે. તોપણ સમયસર ઊઠી જઈને સ્નાન, વ્યાયામ કરવાનું બને છે.

આજે દૂધ પીતાં પહેલાં પૂ. શ્રીને સર્વેશ્વરી પોતાની ડાયરી આપે છે, જેમાં પૂ. શ્રી અગત્યની ત્રણ નોંધ કરે છે. પૂ. શ્રી પોતાનાં દરેક કાર્યો પરમશક્તિની ઇચ્છા મુજબ જ કરે છે. તે મુજબ સૂચના માંગે છે. તે મળી છે.

કપૂરા જવાની જગદંબા રજા આપે છે. મસૂરી પૂ. શ્રીને જવું છે પણ પરમશક્તિ હાલ ના પાડે છે. અને એક નવી વાત શ્રી જીતુભાઈના પિતાજી માટેની પણ લખાય છે.

આજે દૂધ પીધા પછી પૂ. શ્રી મોં સાફ કરીને ફરી રૂમમાં આવતાં સર્વેશ્વરીને એક લીટી સંભળાવવા લાગ્યા :

'અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા'

—એ લીટી માતાજી માટેની જ હતી. હજી પૂ. શ્રીને આ એક જ લીટી મોં ધોતાં ધોતાં સ્ફુરી હતી. રૂમમાં આવી પૂ. શ્રીએ એ આખુંય ગીત લખી નાંખ્યું. સર્વેશ્વરીને તે આખુંય લખેલું ગીત સાંભળવું હતું, જેથી દૂધનાં વાસણો ઝડપથી સાફ કરી સર્વેશ્વરી જલ્દી પૂ. શ્રીના રૂમમાં આવીને બેઠાં.

પૂ. શ્રી એ ગીત ગાવા લાગ્યા :

'અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા,
હતું જાણે કશું ના સાથમાં, સંસ્મરણોને લાવ્યાં.
ગયેલા તમારી સાથે, મૂકીને હાથને માથે,
નવલ કપડાં પહેરાવી, કરી કીર્તન બધી વાટે.
તમારી રક્ષવા કાયા, મથ્યા પણ ના અમે ફાવ્યાં,
ગમ્યું કે ના ગમ્યું, સ્મૃતિના છતાં અવશેષને લાવ્યાં.'

(આટલું ગાતાં ગાતાં પૂ. શ્રીનો એકદમ કંઠ રૂંધાઇ જતાં સાદ ગળગળો બની ગયો. આંખોમાં આંસુ આવી ગયાં. ક્ષણભર થંભી ગયા, વળી થોડીવાર રહીને સ્વસ્થ થઇ, પાછું ગાવા લાગ્યા.)

વખત વીતી ગયો વેગે, સ્વપ્નશો મિલનનો મંગલ,
વિયોગ તણો વખત વીતે, તમોને કરીને વંદન.
જગતમાં કશું ના સ્થાયી, કરીએ કેમ તો ક્રંદન?
વિખૂટાં જે પડે એનેય, અંતરના જ અભિનંદન.

(ફરી પૂ. શ્રી સ્વસ્થ થવા પ્રયત્નો કરી રહ્યા છે. પણ અસ્વસ્થતાથી નીચેની પંક્તિઓ પૂરી કરે છે.)



હજી પણ દૃશ્ય એ તાજાં, સ્મરણ ના લુપ્ત લેશ થયાં,
અમોને એમ લાગે કે, પ્રવાસે સદાકાજ ગયાં.
ચિતા એ, અગ્નિની જ્વાળા, અને એ ભસ્મમય કાયા,
અમે અમને વળાવીને, સ્મશાનેથી ગૃહે આવ્યા. (૨)

ગીત પૂરું તો કરી શક્યા પછી થોડીવારે એને લગતી વાતો બે–ત્રણ વાક્યોમાં કરી. સર્વેશ્વરી કહેવા લાગ્યાં કે અત્યારસુધીનાં બધાં જ ગીતોમાં આ ગીત ખૂબ જ કરુણ છે. એટલે સ્વાભાવિક લાગણી વધુ ઘેરી બની જાય.

આટલી વાતચીત બાદ પૂ. શ્રી રામાયણના લેખનમાં મગ્ન બની ગયા. સર્વેશ્વરી પૂ. શ્રીની પાસે જ બેસીને એ આખાયે પ્રસંગની નોંધ પોણા દસ વાગ્યા સુધી કરે છે. બરાબર સાડા અગિયારે દ્વાર ખૂલી જાય છે, કારણ કે પૂ. શ્રી માટે ભોજન ૧૧–૨૦ મિનિટે આવી જાય છે. પણ આજે ૧૧–૦૦ વાગ્યે જ કપૂરાથી ગાડી આવી ગઇ. કોઇકની ગેરસમજથી તેઓ જલ્દી આવી ગયાં, જેથી સર્વેશ્વરી તેમની સાથે વાતોમાં સમય પસાર કરે છે.

સમયસર ભોજન લેવાઇ જાય છે. સર્વેશ્વરીના આ ઘરનો એક રૂમ પડોશીના સામાનથી ભરેલો હતો તે આજે શ્રી ભટ્ટસાહેબની હિંમત અને પૂ. શ્રીના માર્ગદર્શન મુજબ બહાર મૂકી દેવામાં આવે છે. પરિણામે બેઠક ૧૨–૩૦ વાગ્યે શરૂ થાય છે. પૂ. શ્રી રોજનિશિની એક નોંધ વાંચવાની સૂચના કરે છે જેથી સર્વેશ્વરી નોંધ વાંચે છે.

રામભક્તની વાત નીકળી છે. શ્રી ભટ્ટસાહેબ કહેવા લાગ્યા : રામભક્ત શીઘ્ર કવિતા રચી શકે છે.

**પૂ. શ્રી** : ના, એ તો એમનાં લખેલાં ભજનો હોય તે મોઢે જ હોયને એટલે એ રીતે કથામાં ચાલ્યાં કરે.

એ વાત ઉપરથી સર્વેશ્વરી આજની વાત કરતાં કહે છે—આજે સવારે શું બન્યું? સવારે પૂ. શ્રી દૂધ પીને બહાર મોં સાફ કરવા ઊભા હતા. મોં સાફ કરી મને એક લીટી ગાઇ બતાવી. અને ત્યારે જ સ્ફુરેલી તે લીટીનું માતાજી ઉપર કરુણ ગીત રૂમમાં આવીને લખી પણ નાંખ્યું !

(એ ગીત માતાજીની અંતિમ અવસ્થાનું હતું, જેથી શ્રી ભટ્ટસાહેબને એ ઉપરથી એક પ્રશ્ન સ્ફુરે છે.)

**પ્રશ્ન** : માનવજીવનમાં આવતા એવા પ્રસંગો કે આઘાતોને યાદ કરવા કરતાં તો એને ભૂલીને એ બંધનને તોડીને બહાર આવવું જરૂરી છે ને?

**પૂ. શ્રી** : જુઓ, જીવનમાં કોઇ પણ પ્રસંગો બને, તેને યાદ ના કરવાના બે પ્રકાર છે. તે પ્રસંગને આસક્તિ સાથે યાદ કરાય અથવા આસક્તિ વિના યાદ કરાય. જો તે પ્રસંગો આસક્તિ વિના યાદ કરી તેમાંથી નવી પ્રેરણા, નવી જાગૃતિ, સંસારની અસારતાનું સ્મરણ મળતું હોય તો તે સ્મરણ સાધનામાં બાધક નથી, સાધક છે. જ્ઞાનીઓનાં સ્મરણો એવાં પ્રેરક ને સાધક હોય છે. જ્યારે અજ્ઞાનીઓના પ્રસંગોનાં સ્મરણો બાધક હોય છે.

સ્મૃતિના પણ અનેક પ્રકાર છે. મહર્ષિ પતંજલિ તો ત્યાં સુધી કહે છે : स्वप्नज्ञानावलंबनात् અર્થાત્ સ્વપ્નના જ્ઞાનથી પણ યોગી સિદ્ધ બની શકે. તમારા મનને તમે પ્રભુની આજુબાજુ કેન્દ્રિત કરો. અથવા તમે સત્સંગ કે સંતપુરુષની આજુબાજુ કેન્દ્રિત કરો તે પ્રવૃત્તિ બાધક નહીં બને.



**પ્રશ્ન** : ભક્ત હોય તેને કર્તૃત્વ ભાવ રહે ખરો? (હું કરું છું એવો ભાવ)

**પૂ. શ્રી** : ભક્ત તો બધા જ ભાવો ભગવાનને જ સોંપે છે ને! ભક્ત માને છે, ભગવાન જ આ બધું કરે છે. ભગવાન જ આ બધું કરાવે છે. તો જ્ઞાની પણ કર્તૃત્વભાવ નથી રાખતો. જ્ઞાની એવું માને છે કે આ બધું હું નથી કરતો, પ્રકૃતિ કરે છે, ને પ્રકૃતિ કરાવે છે. આત્મારૂપે હું કાંઇ કરતો નથી, પણ પરમાત્માની શક્તિ જ બધું કરે છે ને કરાવે છે.

સ્વામી રામતીર્થ કહેતા, રામ બોલે છે. રામને ક્યાં કોઇ બંધન છે! સાપને જોઇને સ્વામી રામ કહેતા, આવો રામ.

પૂ. શ્રીની એ વાત સાંભળી સર્વેશ્વરી કહે છે, "હું હમણાં સ્વામી રામતીર્થનું પુસ્તક વાંચું છું. તેમાં સ્વામી રામ જે ઘરમાં રહેતા ત્યાં બે–ત્રણ સાપ પણ રહેતા." એ વાત સાંભળી શ્રી ભટ્ટસાહેબ પોતાના ઉપાસનાખંડમાં નાગનું દર્શન થયેલું—તેની વાત કરે છે.

**પૂ. શ્રી** : તમારે એવા નાગ કે સાપ દેખાય ત્યારે ભાથીખત્રી મહારાજનું સ્મરણ કરવું. અમારાં માતાજી મસૂરીમાં મોટા સફેદ વીંછી નીકળે ત્યારે ભાથીખત્રીનું સ્મરણ કરે. અમારા સરોડામાં એનું સ્થાન છે.

આ વાત સાંભળી સર્વેશ્વરી પૂછે છે :

**પ્રશ્ન** : ભાથીખત્રી કોઇ શરીરધારી હતા કે કોણ હતા?

**પૂ. શ્રી** : ભાથી ક્ષત્રિય એક મહાપુરુષ થઇ ગયા. તેઓના જીવનમાં તેમના લગ્ન સમયે જ ગાયોને કસાઇઓ પાસેથી છોડાવવા બૂમ પડી તો તેઓ લગ્નમંડપમાંથી ગાયોને બચાવવા

દોડયા અને લડતાં લડતાં એમનું શરીર શાંત થઇ ગયું. તેઓ દરબાર હતા, પણ તેમના અંત પછી તેમનું જે સ્થાન કરે છે તેઓને સાપથી રક્ષણ મળે છે.

સરોડામાં ભાથીખત્રી મહારાજનું એક સ્થાનક છે. તેના ભૂવા શ્રી મોતીભાઇ છે. મોતીભાઇ પોતે ભૂવા ન હતા, ત્યારે દારૂ, ચોરી, વ્યભિચાર એમ દરેક કુટેવોથી ઘેરાયેલા હતા. પણ એ સ્થાનના ભૂવા બન્યા ત્યારથી બધું જ છૂટી ગયું!

આપણે એવું માનીએ છીએ કે ખરાબ માણસો સારા થાય જ નહીં, પણ તે ખોટું છે. આજે પણ તેઓ હજારો જીવોને બચાવે છે. સાપ કરડનાર વ્યક્તિને ત્યાં લઇ જાય છે. ત્યારે મોતીભાઇ સ્નાન કરી સ્થાનકમાંથી રજા લઇ બહાર આવી સાપ કરડનાર વ્યક્તિ પર હાથ ફેરવી બોલે : ભાથીખત્રીની આજ્ઞા છે ઊઠો—ને તે વ્યક્તિ સભાન થઇ ચાલતો થઇ જાય છે.

આવા સિદ્ધ પુરુષો, પ્રેમી પુરુષો પ્રત્યે આપણે આદરભાવ રાખવો જોઇએ. (એમ કહી સરોડામાં એક કુટુંબમાં મોટાભાઇએ નાનાભાઇને સરખો ભાગ ન આપ્યો તો તેનો બાપ સાપ બની કરડયો તેની વાતો થાય છે.)

જુદી જુદી યોનિઓ છે. અમારા સરોડામાં પાણીયારા પાસે ચાર—ચાર દિવસો સુધી સાપો પડી રહેતા. અમે તે દિવસોમાં બહાર સૂવાનું રાખતાં. કેટલાક સાપ રક્ષા કરવા આવે. કોઇ વળી ધનની ચોકી કરે. અનેક કારણો હોય છે.

(શ્રી ભટ્ટસાહેબ પોતાના એક સ્ટાફના માણસની વાતો કરે છે.)

પૂ. શ્રી : પણ આપણે જીવતા સાપ જેવું ન થવું ઘણાં માણસો હોય છે જેમની પાસે જઇએ તો તે વાણી, વર્તન,



આંખથી, મોઢાથી ઝેરી વર્તન જ કરે—તો આપણે એવા જીવતા સાપ ન થવું.

મસૂરીમાં એક સંન્યાસી બેનને પોતાના ભાઇએ ગમે તેવા ઝેરી સાપને પકડતાં શીખવેલું હતું. અરે! પણ સંસારરૂપી સાપને પકડી લેતાં શીખી જવાય તો કમાલ થઇ જાય. વિષયરૂપી અજ-ગરો ભલભલાને સંસારમાં લઇ લે છે, પણ આપણી શક્તિઓ જુદી જુદી દિશાઓમાં વપરાય જાય છે, તેથી પરિણામો જેવાં આવવાં જોઇએ તેવાં આવતાં નથી.

પોતાની પાસે ધન, વિદ્યા કે બીજી કોઇ વિશેષતા હોય તો તે બીજાને મદદ કરવા માટે વપરાય, તે ઇચ્છનીય છે. એ રીતે સાપ ઉતારનારાઓનું કામ ઉત્તમ છે. ઘણા પાસે દવાના પૈસા પણ નથી હોતા તેને માટે આ આશીર્વાદરૂપ ગણાય.

દેવપ્રયાગના જંગલમાં પહાડની એક સામાન્ય સ્ત્રીએ માતાજીને દાંતમાં દુઃખાવો થતો હતો તે નાકડી વસ્પતિની એક સળી લઇને કાને બાંધી તો દુઃખાવો મટી ગયો! એવા બધા સેવકો સમાજને ઉપયોગી છે. હું પણ જ્યારે સરોડા જવાનું થાય ત્યારે અથવા એમ પણ કંઇ ને કંઇ તે મોતીભાઇ પર મોકલાવું છું. સારું કામ કરે છે ને!

આટલી વાતચીતમાં દોઢ વાગી ગયો. સૌ પ્રણામ કરી પ્રસાદ લઇ છૂટા પડયા. ચાર વાગ્યા સુધી સર્વેશ્વરી, એમનાં માતા, બેન, વિગેરે સાથે વાતો કરે છે.

સાડા પાંચ વાગ્યે રામજી મંદિરના નવા ધ્યાનકેન્દ્રમાં જવાનું બને છે. ત્યાંના મહંતને પૂ. શ્રી પોતાનાં થોડાંક પુસ્તકો આપે છે. મહંતનો સ્વભાવ શાંત, સાત્ત્વિક છે. સરળ ને નમ્ર સ્વભાવને લીધે ધ્યાનકેન્દ્રને બધી સગવડો આપવા આતુર છે.

ત્યાં પૂ. શ્રી સાધકોને થોડી સત્સંગની વાતો કરે છે જેમાં નામસ્મરણ પર ભાર મૂકે છે.

પ્રભુને મેળવવાનો રાજમાર્ગ પણ છે, ને સાંકડી શેરીના માર્ગો પણ છે. સાંકડી શેરીથી આજે અમે અહીં આવ્યા, તો વાર લાગી. વિક્ષેપો ઘણા નડ્યા, પણ રાજમાર્ગથી આવીએ તો જલ્દી અવાય. તેમ નામસ્મરણ એ રાજમાર્ગ છે. તે રાજમાર્ગ પર ચાલો. પવિત્રતા જીવનમાં રાખો તો કળીયુગમાં સહેલાઇથી પ્રભુને પામી લેવાશે.

આ મંદિરના પવિત્ર વાતાવરણમાં ધ્યાન માટે બાહ્ય વાતાવરણ આપોઆપ જ અનુકૂળ થઇ જાય. વળી આવા સ્થાનોમાં આવા સાત્ત્વિક મહંતજી મહાપુરુષ રહેતા હોય તો એવાં સ્થાનો જનતાની ઘણી સેવા કરી શકે.

શ્રી ભટ્ટસાહેબની વિનંતિથી પૂ. શ્રી પછી મહંતજી પણ થોડુંક નામસ્મરણ પર બોલ્યા. ત્યારબાદ સર્વેશ્વરી પાસે ભજન ગવડાવ્યું. કાર્યક્રમ પૂર્ણ થયો.

આજે પ્રવચનમાં પહોંચતાં થોડું મોડું થયું. પ્રવચન બાદ આજે પણ પૂ. શ્રીએ રામભક્તને બોલવાનું કહ્યું. તેમણે અડધો કલાક સુધી જ્ઞાન સાથે ગમ્મત પીરસી.

ઉતારા પર આવતા પહેલાં પૂ. શ્રી આજે સર્વેશ્વરીનાં માતા તથા બેનને આવતીકાલે પણ રહીને સત્સંગનો લાભ લેવા આગ્રહ કરે છે.

ઉતારા પર આવી પૂ. શ્રી ખીચડી ને દૂધ લે છે. ત્યારબાદ આનામ હરિઃ ૐ (ક્રમશઃ)



બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઇ ય. મહેતા

## સંવાદ : ૫

જ્યારે આપણે આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરીએ, ત્યારે આપણે સૌ પ્રથમ આપણું પોતાનું આત્મનિરીક્ષણ કરવું જોઇએ અને આપણામાં કઇ નિર્બળતાઓ છે અને કયા દોષો છે તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવવો જોઇએ. આપણને જણાશે કે ખરેખર તો આપણે કેટલા બધા તિરસ્કારને પાત્ર છીએ. એટલું જ નહિ, આપણે ઇશુખ્રિસ્તનું નામ લેવાને માટે પણ લાયક નથી. એવું લાગશે. બધા પ્રકારના દુઃખ, અસંખ્ય પ્રકારના અકસ્માતો, જે આપણને વ્યથિત કરે છે, અને આપણા સ્વાસ્થ્યમાં સતત ચડતી પડતી લાવે છે. આપણા મનમાં માનસિક યંત્રણાઓ કરાવે છે, આપણા આંતરિક અને બાહ્ય સ્વભાવોમાં પણ ખોટા પ્રત્યાઘાતો લાવે છે; ટૂંકામાં, ઈશ્વરને આ નિર્બળતાઓને દૂર કરવા, બધા દોષો દૂર કરવા અને આપણને ઠેકાણે લાવવા અપરંપાર દુઃખો ન છૂટકે નાંખવાં પડે છે. આ પછી આપણે જ્યારે સંકટોમાં, પ્રલોભનોમાં, વિરોધોમાં અને વિરોધાભાસોમાં, સંસારની બીજી અનેક પ્રકારની ભૂલભૂલામણીમાં ફસાઇ જઇએ ત્યારે આપણને તેનું આશ્ચર્ય થવું જોઇએ નહીં. કેટલાય મનુષ્યો આપણને કનડગત કરે, આપણા માર્ગમાં વિઘ્નો નાંખે તો નવાઇ પામવું જોઇએ નહીં. ઉલટાનું, આપણે આ બધાને સ્વીકારી લેવું જોઇએ અને ઈશ્વરેચ્છઆ હોય ત્યાં સુધી આ બધાં સહન કરી લેવામાં આપણું

ભલું છે તેમ સ્પષ્ટ સમજવું જોઇએ અને ઈશ્વર આપણી ઉપર નારાજ છે એવી ખોટી કલ્પના કરવી જોઇએ નહીં.

જીવાત્મા પૂર્ણત્વના જેટલા વધુ શિખરે પહોંચવા માગતો હોય એટલું તેણે ઈશ્વરી કૃપા ઉપર વધુને વધુ આધાર રાખવાની જરૂર છે. બ્રધર લોરેન્સને એમ પૂછવામાં આવ્યું કે તેમણે ઈશ્વરના સાન્નિધ્યનો અનુભવ કરવાની ટેવ કેવી રીતે પાડી? તેના જવાબે તેઓ બોલ્યા કે, હું જ્યારે આ મઠમાં આવ્યો ત્યારથી જ ઈશ્વર જ મારા બધા વિચારો અને મારી બધી ઇચ્છાઓ પૂર્ણ કરવાનું અંતિમ સ્થાન છે. ગમે તેવો સારો કે નરસો વિચાર ઈશ્વર પ્રત્યે જ વળે એની કાળજી લેતો અને તેમાં જ તે વિચારો અને ઇચ્છાઓનો લય થાય તે માટે મથતો.

સાધનાના પ્રારંભમાં, નિયત પ્રાર્થનાના સમયે હું બધો સમય ઈશ્વર ચિંતનમાં પસાર કરતો. મારા મનમાં હું ઊંડે ઊંડે, મારા હૃદયમાં જ ઈશ્વર બિરાજમાન છે એવું ઠસાવવા પ્રયત્ન કર્યા કરતો. બુદ્ધિ કે તર્ક અથવા ઊંડા ધ્યાનના અભ્યાસને બદલે શ્રદ્ધાના પ્રકાશમાં ઈશ્વર સર્વત્ર છે, એમ હું વિચાર્યા કરતો. મને આ માર્ગ ઈશ્વરને ચાહવા માટે, ઈશ્વરના પ્રેમ માટે અને ઈશ્વરીય જ્ઞાન માટે ટૂંકો છે એવો અનુભવ થયો. તેની હાજરી જડચેતન બધામાં છે એવો અનુભવ મેળવવામાં મને એ લાભ થયો કે હું એક ક્ષણ પણ તેને ભૂલી શકતો નહીં.

આવી રીતે પ્રાર્થનામાં મારું મન પૂરેપૂરું પરોવી દીધા પછી અને મનમાં તે અનંત વીર્ય મહાશક્તિના ચિંતનથી ભરી દીધા પછી, હું મારા રસોડામાં નિયત કરેલ કામ પૂરું કરવા પહોંચી જતો. (હું ખ્રિસ્તી મઠમાં રસોઇયા તરીકે કામ કરતો હતો, મારું કર્તવ્ય હતું તે પ્રમાણે રાંધવાની બધી ચીજવસ્તુઓ, વાસણો



વગેરે એકત્ર કરી અને ભોજન સામગ્રી એકત્ર કરી બધું કાર્ય કેવી સારી રીતે ઓછામાં ઓછા સમયમાં સંપન્ન થઇ શકે તે રીતે ગોઠવતો અને આ કરતાં કરતાં પણ મને વચ્ચે જે સમય મળતો તેમાં તેમજ તે કાર્ય કરી લીધા પછી પુનઃ પ્રાર્થનાના કાર્યમાં હું મારા મનને પૂરેપૂરું પરોવી દેતો.

કામ શરૂ કરતાં પહેલાં હું મારા પ્રભુને કહેતો, ઓ મારા નાથ મારા સ્વામી, મને એક માત્ર તારામાં જ શ્રદ્ધા અને વિશ્વાસ છે. કેમ કે તારા સિવાય મારી સાથે બીજું કોણ છે? તારા આદેશો હું માથે ચડાવું છું અને તે મને જે આ કામ સોંપેલું છે તે પૂરેપૂરું મારું મન અને દિલ રેડીને હું કરવા તારા આશીર્વાદ અને તારી કૃપાની યાચના કરું છું. તારા સાન્નિધ્યનો અનુભવ મને તારી કૃપાનો અનુભવ કરાય તે માટે તારી મદદની યાચના કરું છું. મારું બધું કર્મ તને જ સમર્પિત કરું છું અને મારા બધા સ્નેહનું એકમાત્ર પાત્ર તારા સિવાય બીજું કોઇ નથી. એમ સમજીને મારી ઉપર કૃપા કરવાનું ચાલુ રાખજે.

મારું પ્રત્યેક કાર્ય શરૂ કરતાં અને પૂરું કરતાં તથા વચમાં હું મારા સ્વામીની સાથે વાતો કરવાનું ચાલુ રાખતો અને મારા બધાં કર્મો તારી જ શક્તિવડે થતાં હોય તે બધાં હું તને જ અર્પણ કરું છું, તેનો સ્વીકાર કર. જ્યારે મારું કાર્ય પૂરું થાય ત્યારે હું તપાસતો કે તે બધું સંપૂર્ણ રીતે સંપન્ન થયું છે કે કેમ? જો તેને જણાતું કે બધું કાર્ય બરાબર થયું છે તો હું અનેકવાર મારું મસ્તક નમાવીને મારા પ્રભુને પ્રણામ કરતો, જો કોઇ કાર્ય બરાબર સંપન્ન થયું ન હોય, તો હું મારા પ્રભુની ક્ષમા માગતો, અને હિંમત હાર્યા વિના કે નિરાશ થયા વિના હું પુનઃ મારા મનને મારા પ્રભુના નામ, રૂપ અને ગુણમાં જોડી દેતો અને તેના

સાન્નિધ્યનો અનુભવ કરવાનો અભ્યાસ ચાલુ રાખતો; જાણે કે તેણે આ સિવાય વચમાં બીજું કોઇ કાર્ય કર્યું જ ન હોય. આવી રીતે નાના મોટા મારા પતન પછી હું પાછો ઊભો થઇ જતો અને વધુ આગ્રહપૂર્વક મારા પ્રભુપ્રેમ અને પ્રભુ શ્રદ્ધાના કાર્યને સુદૃઢ કરતો. હું એવી અવસ્થાને પહોંચ્યો છું કે જેમાં ઈશ્વરચિંતન ન કરવું, તે મારે માટે અત્યંત મુશ્કેલ બની ગયું છે. શરૂઆતમાં આ જ રીતે તેનામાં મન પરોવવાનું પણ મારે માટે આવું જ મુશ્કેલ બનતું.

ઈશ્વર સાન્નિધ્યમાં આ રીતે સતત મનને રાખવાથી મને એટલો બધો લાભ થયો કે સ્વાભાવિક રીતે જ હું તેમ કરવાની ભલામણ મારા સંપર્કમાં આવે તે સૌ કોઇને કરતો, પરંતુ મારાં વિધાનો કરતાં કે મારા વાર્તાલાપ કરતાં મારું પોતાનું જીવંત દૃષ્ટાંત જ એમને માટે વધુ ઉત્સાહપ્રેરક બનતું. મારા પોતાના ચહેરા ઉપર ઈશ્વરના સાન્નિધ્યની જાણે મહોર લાગી હતી. તેને લઇને મારા મુખ ઉપર સદા પ્રસન્નતા, સ્વસ્થતા અને પ્રશાંતિની છાયા મારી સમીપ આવનારા સૌ કોઇ જોઇ શકતા. અને મારો અનુભવ છે કે રસોડામાં કોઇ કામ કરવામાં કેટલી બધી ઉતાવળ કરવી પડી હોય તો પણ તે દરમિયાન મારું મન ઈશ્વરીય મહિમામાંથી, ચિંતનમાંથી જરા પણ ખસતું નહોતું. હું કદી પણ કોઇ બાબતમાં ઉતાવળ કરતો નહીં. કોઇ જગ્યાએ નિરર્થક ભટકવા જતો નહીં પરંતુ પ્રત્યેક કર્મ, પ્રત્યેક કર્તવ્ય બરાબર તેના સમયે જ કરતો; અને તે દરમિયાન મારા મનને પૂરેપૂરું સ્વસ્થ રાખતો. કોઇ પણ નિરર્થક વિચાર તેમાં ખલેલ પહોંચાડી શકતો નહીં. મારે માટે જીવનની પ્રત્યેક ક્ષણ પ્રાર્થના માટે સર્વોત્તમ હતી, કેમ કે જુદા જુદા કાર્યોમાં ગમે તેટલા ભેદ હોવા છતાં તે બધાં એક જ



પ્રાર્થનાના સૂત્રે જોડાઇ જતાં અને જાણે ઈશ્વરચિંતનની એક માળામાં બધા મણકા પરોવાયા હોય તેમ બની રહેતા. રસોડામાં પણ એકસાથે અનેક વ્યક્તિઓ મારી પાસે જુદું જુદું કામ માગ્યા કરતી તેમ છતાં હું જરા પણ ચલિત થયા સિવાય હું એમ જ વિચારતો કે આ બધા કોલાહલ વચ્ચે જાણે હું મારે ઘૂંટણિયે પડીને મારા પ્રભુને શાંતચિત્તે પ્રાર્થના કરતો હોઉં.

(ક્રમશઃ)

જીવનનું એક માત્ર લક્ષ્ય પ્રભુપ્રાપ્તિ સિવાય અન્ય કાંઇ ન હોવું જોઇએ. એથી એ દિશામાં કરેલો પુરુષાર્થ જ સાચી દિશાનો પુરુષાર્થ છે.

યોગેશ્વરજી

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## * શરણાગતિ *

તુજ વિણ મારું કોણ અહીં?
સ્વાર્થી આ સંસાર મહીં.

કાર્ય થતાં મુખડું ફરતું,
ગરજે તો મધ ત્યાં ઝરતું.

ફૂલની માળા આજ ધરે,
કાલ વળી બદનામ કરે.

પ્રશસ્તિનાં બે પુષ્પ ધરે,
કદીક નિંદા–થાળ ભરે.

શ્રદ્ધા–ભક્તિથી આજ નમે,
કાલે ચરણ–પ્રહાર કરે.

ક્ષણ ક્ષણ બદલાતા જ્યાં રંગ,
કરું આજ હું કોનો સંગ?

સમજાયો આવો સંસાર,
તુજ વિણ કશે ન જોયો સાર.

સંસાર સાગરે પ્રાર્થું આજ:
'બની જા તું મારો શિરતાજ.'

— મા સર્વેશ્વરી



## * યોગેશ્વરને *

( ગાન )

યોગેશ્વર પ્રભુ ક્ષણ ક્ષણ દેખું,
જ્યાં ત્યાં સ્વપ્ને જાગ્રત પેખું,
ધ્યાનમહીં કે સઘળે ભાળું–
પળપળ તારી છબી નિહાળું.

મુજ સહારો તું છે સાચો,
મુજ દિલાસો તું છે સાચો,
વિમુખ થયે જ્યાં જગ સઘળું ત્યાં,
આનંદ માણું તુજમાં સાચો.

શ્રદ્ધા, આનંદ, શાંતિ તુજથી,
આસ્થા, આશા, સાતા તુજથી,
દુઃખ વ્યથામાં ધીરજ તુજથી,
પ્રકાશ ઊંચું પ્રયાણ તુજથી.

તુજ વાણીથી શાંતિ પામું,
તુજ દર્શનથી આનંદ પામું,
તુજ જીવનથી આશા પામું,
તુજ કરણીથી ચેતન પામું.

સુખદુઃખમાં તું છે સંગાથી,
ડગલે ડગલે તું છે સાથે,
પછી નિરાશા હોયે ક્યાંથી?
તારા જેવો ક્યાં છે સાથી?

જીવનમાં તું શુદ્ધિ દેજે,
ભક્તિ શુચિતા દૃષ્ટિ દેજે,
શક્તિ સબૂરી ધીરજ દેજે,
ભ્રાંતિ ક્લાન્તિ નિવારી દેજે.

ચિંતામણિ તું મુજનો સાચો,
પારસ જીવનનો તું સાચો,
ભોમિયો જીવન કેરો સાચો,
પ્રકાશ દેજે ઉજ્જવળ સાચો.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)


વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,
યોગશિબિરના આયોજન માટે
ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *

ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઇન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩




બેરીસ્ટર

# શ્રી મોહનભાઈ વ્યાસની જીવન કથા

જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી

આ બધી મુંઝવણો, ગડમથલો અને મુશ્કેલીઓમાં પણ મોહનભાઈએ બેરીસ્ટરીનો પહેલો ભાગ પૂરો કર્યો. પૈસાથી નવું જીવન મળ્યું. અને ગરીબીથી વ્યાપેલી નિરાશા ખંખેરી ખૂબ મહેનત કરી ભણવાનો સંકલ્પ કર્યો. ઈશ્વરે ખૂબ મહેર કરી. ધ્રાંગધ્રાના મહારાજા પોતાના પુત્રને ત્યાં ભણાવવા મૂકી ગએલા. તેમને માટે પાછા જવાનો સમય થયો એટલે તેમણે મોહનભાઈને મળવા બોલાવ્યા અને તેમના દિકરાઓને અહીં રાખવા છે. તેમને જર્મની, ફ્રાન્સ, સ્વીટઝરલેન્ડ ફરવા લઈ જવા છે. તે ઉપરાંત તેમનું ધ્યાન રાખવું છે. તે રાજકુમારોને રહેવા માટેનું સરસ મકાન હતું તે રહેવા મળી ગયું. તે વેજીટેરીયન રહે તે માટે તેઓ તેમને રામાયણ, મહાભારત અને ધર્મગ્રંથોની વાતો કરતા અને મિત્રભાવે તેમનું ઘડતર થાય તેનું ધ્યાન રાખતા. આના બદલામાં મહારાજ તેમને મહીને આઠ પાઉન્ડ આપતા. એટલે રહેવા અને કમાવાની ચિંતા દૂર થઈ ગઈ. હવે તો મનગમતી વાત માત્ર ભણવાની જ રહી. બીજા પાર્ટમાં સત્તર સબ્જેક્ટ એક પછી એક પણ ન અપાય. પણ મળેલી સગવડતાઓને લીધે અને પેટ પૂરતા ખોરાકને લીધે શરીર પણ સુધરતું ચાલ્યું. ચોપડા લેવાના પૈસા પણ હવે રહેવા લાગ્યા. પરીક્ષા પસાર કરવાની હવે કોઈ ખાસ મુશ્કેલી ન હતી. બીજા ખાસ કોઈ કારણો ન હતાં. લેક્ચર એટેન્ડ થતાં.

જ્યાં લેક્ચર એટેન્ડ કરે ત્યાં બેરીસ્ટરોની કલબ હતી ત્યાં તેઓ પહોંચી ગયા. અંદર કોઇ હતું નહીં. એક બેરીસ્ટર બેઠેલા. તેઓ હિંમત કરી અંદર ગયા. બેરીસ્ટરે પૂછ્યું, 'તમને ચેસ રમતાં આવડે છે?' મોહનભાઇએ હિંમત કરી હા પાડી. અને મોહનભાઇ ચેસ જીતી ગયા. ચેસની જીતથી સામેવાળા બેરીસ્ટરનું હૃદય જીતાઇ ગયું. અને પ્રભુની કૃપાથી તે તેમના સારા અને સાચા મિત્ર બની ગયા. તે ખૂબ મોટા માણસ છે. તેની મોહનભાઇને કલ્પના જ નહીં. તેણે એકવાર જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે મોહનભાઇએ કહ્યું, 'હું તો શાકાહારી છું.' તેણે જણાવ્યું. 'હું પણ શાકાહારી છું.' અને એ પછી અવારનવારની મુલાકાતોએ તે મિત્રતાને ગાઢ બનાવી એ બેરીસ્ટરે તેમને એવી સરસ નોટો આપી જે તેમને અભ્યાસમાં ખૂબ મદદરૂપ થઇ પડી.

ધાંગધ્રા નરેશના બાળકોને સાચવવાનું અને આ બધું કાર્ય બે ત્રણ મહિના ચાલ્યું. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. રાજાને તેમના બાળકોની ચિંતા થવા લાગી. તેમણે પોતાનાં બાળકોને બોલાવી લીધાં અને સાથે સાથે મોહનભાઇને પણ પાછા આવી જવા આગ્રહ કર્યો. મોહનભાઇએ પણ જોખમમાં રહેવું સારું નહીં એવું મનથી વિચારી લીધું. બાર (બેરીસ્ટરીની પરીક્ષા) વાળાએ જાહેર કર્યું કે અમે ઇંડિયામાં આ પરીક્ષા લેશું એટલે એમણે ભારત આવવાનો નિર્ણય પાકો કરી લીધો. બેરીસ્ટરી અધૂરી પણ પછી ભારતમાં આવી તે પાસ કરી લીધી. આ પરીક્ષામાં માત્ર સાત વિદ્યાર્થીઓ પાસ થયા હતા, તેમાંના મોહનભાઇ એક હતા.

મોહનભાઇના જીવનનું એક પણ પગથીયું એવું નહોતું જ્યાં તેમની કસોટી નહોતી થઇ. સ્વદેશ પાછા આવતાં પણ અનેક સંકટોનો તેમને સામનો કરવો પડયો. જે સ્ટીમ્બરથી તેઓ ભારત આવતા હતા તે war ship હતી. ઇંગ્લેડની મોટામાં મોટી સ્ટીમર.



આ સ્ટીમરને લડાઇનો સમય હોવાથી આઉટ ઓફ ટર્નથી જવું પડયું. સરકાર પોતાના ખર્ચે લઇ ગઇ. એ જ અરસામાં ત્યાં કમાંડર બદલાઇ ગયા. ચર્ચિલનું આગમન થયું. ચર્ચિલે ઓર્ડર આપ્યો જે ઘરમાં બેથી ત્રણ માસ વાળી ગર્ભવતી સ્ત્રીઓ હશે તેઓને લંડનથી લઇ જવામાં આવશે. બ્રિટીશ પ્રજા ખૂબ શિસ્તબદ્ધ બધાએ એ સૂચનાનું પાલન કર્યું. સાથે બીજી સૂચના પણ આપવામાં આવી કે જેના ઘરમાં એક ક્યૂબ સુગર હોય તે વ્યાપારીને આપી દે. ખૂબ પ્રમાણિક વ્યાપારીઓ. તેમણે તેનો દેશને માટે જ ઉપયોગ કર્યો. સાથે સાથે બીજો પણ આદેશ આપ્યો કે All foreigner should leave London મોહનભાઇ સાથે રાજાના છોકરાઓ. સરકારી સ્ટીમર એડમિરણનો હુકમ ન આવે ત્યાં સુધી ઉપડે નહીં. તેટલા દિવસ સરકાર પોતાના ખર્ચે રાખે. ચોથે દિવસે સ્ટીમર ઉપડી. ઘરે પત્રો લખેલા કે આ સ્ટીમરમાં પોતે આવી રહ્યા છે. જર્મનો આ સ્ટીમરને ડૂબાડવાની પેરવીમાં, અને મોહનભાઇનાં માતુશ્રીને આ સ્ટીમર ડૂબવાના ખબર મળ્યા.

આ બાજુ મુસોલીનીએ લડાઇ જાહેર કરી. મડાગાસ્કર વચ્ચે આવે. સ્પેનમાં બે રાત રહેવું પડયું. સ્પેન જોવા મળ્યું. કોઇ ખાસ તકલીફ ન પડી. ત્યાંથી સ્ટીમર ડરબન ગઇ ત્યાં જાપાને લડાઇ જાહેર કરી. તે જર્મની સાથે ભળી ગયું. ડરબનમાં તે સમયે ઘણા ગુજરાતી હતા. અને ઘણા સમયે ગુજરાની ખાવાનું મળ્યું. ખમણ ઢોકળાં ખાધાં. ઘણા સમયે ગુજરાતી વાનગી જોઇ આનંદ થઇ ગયો.

મુંબઇ મામા લેવા આવેલા. અમે સલામત પણ બાને સ્ટીમર ડૂબવાના ખબર મળેલા એ વીરાંગના માતાએ એવું પણ લીધેલું કે "જ્યાં સુધી મારા દીકરાનું મોં નહીં જોઉં ત્યાં સુધી અનાજ

નહીં ખાઉં અને એ આવે એટલે એને પહેલા લઇ અંબાજી જવું.

આ બાજુ મોહનભાઇ સહી સલામત ઉતરી ગયા. અને નરસિહ હિંદુ લોજમાં ઘણા વર્ષે ગુજરાતી ભોજન ખાધું ત્યારબાદ સીધા ઘરે પહોંચ્યા. રૂઢિચુસ્તતાનો પ્રશ્ન તેમને નડયો. આટલા બધા સંઘર્ષો વેઠીને જે વતન અને સમાજ વચ્ચે આવ્યા તે સમાજે તેમનો સ્વીકાર કરવાની ના પાડી. આટલાં વર્ષ વિદેશમાં રહી આવેલા, દેખાવ પણ સુંદર વાંકળિયા વાળ અને ખૂબ સરસ દેખાય. મા તો ખૂબ પ્રસન્ન થઇ ગયાં. તેમણે દીકરા આગળ કશાની પણ પરવા ન કરી. તે મોહનભાઇની ઢાલ બની ગયાં, અને જાહેર કરી દીધું મારો દીકરો પ્રાયશ્ચિત્ત કરશે પણ મુંડન નહીં કરાવે અને તેમની તેમના સમાજ આગળ જીત થઇ. બધું પતી ગયું. પ્રભુનો પાડ માની હવે પાછા ગૃહક્ષેત્ર, સંસારક્ષેત્ર અને અર્થક્ષેત્રમાં પ્રવેશ કર્યો. જીવનમાં માર્ગદર્શક પણ જેણે અત્યાર સુધી માર્ગ સંભાળ્યો છે તે હવે પછી પણ સંભાળશે જ એ શ્રદ્ધાથી આગળ ચાલ્યા. (ક્રમશઃ)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧




### પૂ. માના જન્મસ્થાન કપૂરામાં

## ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન

ગુરુતર્પણના ભાવથી શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કપૂરા મુકામે શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીદ્વારા તા. ૧૦ મી માર્ચ ૧૯૯૬ થી ૧૭ મી માર્ચ ૧૯૯૬ સુધી કરવામાં આવ્યું છે અને તા. ૧૮ મી માર્ચે પૂ. યોગેશ્વરજીના નિર્વાણ દિન નિમિત્તે ગુરુપૂજન અને વ્યાખ્યાનોનો એક વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. તે માંગલિક પ્રસંગે સર્વે હિતકર્તાને હાજર રહી અમૂલ્ય લાભ લેવાનું નિમંત્રણ શ્રી ઈશ્વરભાઇ તરફથી પાઠવવામાં આવ્યું છે.

ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞની વ્યાસપીઠ ઉપર વિરાજશે ભાવનગરના ભાગવતાચાર્ય પ્રો. જનાર્દનભાઇ દવે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬. બહારગામથી આવનાર સર્વે સાધકભાઇબહેનોની ઉતારાની તેમ જ ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# ધ્યાનજન્ય સિદ્ધિ–ચમત્કાર

વિનોબા

પતંજલિએ યોગસૂત્રમાં સિદ્ધિઓનું વર્ણન કર્યું છે અને સ્વયં કહ્યું છે કે સિદ્ધિ, સમાધિમાં ઉપસર્ગ યાને ઉપદ્રવ સાબિત થાય છે. **ते समाधौ उपसर्गा व्युत्थाने सिद्धयः ।** વ્યુત્થાન અર્થાત્ અ–સમાધિની અવસ્થામાં આવી (સિદ્ધિજન્ય) ઘટનાઓ ઘટે છે તો તે સમાધિમાં કષ્ટ દે છે.

પતંજલિનાં સૂત્રોનું ચિંતન–મનન કરવાનો મને વર્ષોથી અભ્યાસ છે. મને જણાયું છે કે તેમણે વર્ણન કરેલી સિદ્ધિઓમાં કેટલીક સિદ્ધિઓ 'કાલ્પનિક' છે તો કેટલીક 'વાસ્તવિક'. સિદ્ધિઓનું કારણ જે કાંઇ હોય તે, આપણા ચિત્તમાં તેનું સ્પષ્ટ વિશ્લેષણ હોવું જોઇએ. સંસ્કૃત સાહિત્ય ઉપરાંત દુનિયાના બીજા દેશોના સાહિત્યમાં પણ આવા પ્રકારની સિદ્ધિઓનો ઉલ્લેખ જોવા મળે છે. લોકો જેને રહસ્યવાદ (મિસ્ટિસિઝમ) માને છે, તેમાં પણ આ જાતની વાતો હોય છે. ઇસાઇ, ઇસ્લામ તથા અન્ય ધર્મોમાં પણ સિદ્ધિઓનો ઉલ્લેખ મળે છે.

વિશ્લેષણ કરવાથી ખ્યાલમાં આવે છે કે કેટલીક સિદ્ધિઓ ચિત્તશુદ્ધિનાં પરિણામે થાય છે, કરાતી નથી. એવી સિદ્ધિઓના પ્રયોગ કરાતા નથી. એ સિદ્ધિ જેનામાં પ્રગટ થઇ તે યોગીને પોતાને પણ તેનું જ્ઞાન હોય પણ ખરું ને ન પણ હોય.

કેટલીક સિદ્ધિ ભક્તિ, પ્રેમ કરુણાના ઉત્પૂરથી થાય છે. ઉત્પૂર શબ્દ યોગસૂત્રનો જ છે. તેનો અર્થ છે પરિપૂર્ણ પ્રેમ. ભક્તિ



છલકાય છે ત્યારે કેટલીક સિદ્ધિઓ ઘટિત થાય છે. કેટલીક સિદ્ધિઓ ધ્યાનજન્ય હોય છે. કેટલીક સિદ્ધિઓ હેતુપૂર્વક કરવામાં આવે છે. કેટલાક યોગીઓએ હેતુપૂર્વક કરાતી ધ્યાનજન્ય સિદ્ધિઓની જરૂરત સમજી અને હેતુપૂર્વક પ્રયોગ કર્યા. તેમને કેટલીક શક્તિઓ પણ હાંસલ થઇ. હવે કોઇ એનું વિજ્ઞાન બનાવે અને શોધ કરે, પ્રયોગ કરે તો ભલે કરે. કોઇ એમાં પડવા ઇચ્છતું હોય તો પડે. પરંતુ એનો અધ્યાત્મની સાથે રજમાત્ર સંબંધ નથી, એ ખ્યાલમાં રાખીને તેમાં પડે. મને આકર્ષણ છે હૃદયશુદ્ધિ તથા ભક્તિ, પ્રેમ, કરુણાના ઉત્પૂરને કારણે થનારી સિદ્ધિઓનું. અને મારું માનવું છે કે આવી સિદ્ધિઓ આધ્યાત્મિક હોય છે.

હું કહું છું, "આજે અણુયુગ છે. એમાં એક સ્થાનમાં બેસીને ક્યાંય પણ 'બેલેસ્ટિક વેપન્સ'–અણુશસ્ત્ર મોકલી શકાય છે. એ રીતે આપણી પાસે પણ એવાં કેટલાંક સાધન હોવાં જોઇએ જેથી આપણે પણ એક જગ્યાએ સ્થિર રહીને કામ કરીએ અને તેની અસર આખી દુનિયા પર પડે." આ સાંભળીને યોગી સમજે છે કે બાબા યોગસિદ્ધિની વાત વિચારી રહ્યા છે. પરંતુ હું આ યોગસિદ્ધિની વાત નથી કહી રહ્યો. હું તો એવી કોઇ સામાજિક પ્રક્રિયાની ખોજની વાત કરી રહ્યો છું જેમાં એક સ્થાનમાં કરેલો પ્રયોગ વિશ્વમાન્ય થાય અને સર્વત્ર ફેલાય.

અમે નાના હતા ત્યારે દેશમાં સ્વરાજ્ય–પ્રાપ્તિની હવા હતી. તે વખતે શ્રી અરવિંદના ભાઇ બારીન્દ્રજી પર બોમ્બકેસ ચાલી રહ્યો હતો. શ્રી અરવઇંદ પર પણ ચાલ્યો. અમને તેમને માટે ખૂબ આદર હતો. એક દિવસ સમાચાર આવ્યા કે તેમને સમાધિ લાગી અને પૃથ્વીથી આઠ ઇંચ ઊંચે અંતરાળમાં તેમણે બેઠક જમાવી. એટલે કે ભૂમિ યા આસનનો સ્પર્શ ન થયો. યોગસિદ્ધિને કારણે

શ્રી અરવિંદ અંતરાળમાં બેઠા, આ સમાચાર વાંચીને કોણ જાણે કેમ પણ એ ચીજ માટે મારા ચિત્તમાં અશ્રદ્ધા નિર્માણ થઇ. અને પછી ક્યારેય તેના પર બેઠી જ નહીં.

બીજી એક ઘટનાનો સંબંધ એની બેસન્ટ સાથે છે. એક દિવસ તેમનું મદ્રાસમાં પ્રવચન થઇ રહ્યું હતું. અને તે જ દિવસે, તે જ સમયે મુંબઇમાં ડૉ. સર ભાલચંદ્ર ભાટવડેકર સાથે તેમની વાતચીત ચાલી રહી હતી. ભાટવડેકર ખૂબ પ્રસિદ્ધ ડૉક્ટર હતા. તેમની ઓફિસમાં તે જ દિવસે, તે જ સમયે બંને સામસામાં બેસીને વાતચીત કરી રહ્યાં હતાં. મદ્રાસના ભાષણના અને તેમની વાતચીતના વિષય ભિન્ન ભિન્ન હતા. આ સાંભળી હું આશ્ચર્યચકિત રહી ગયો. એ માણસ પોતે કહી રહ્યો હતો કે 'મેં વાત કરી.' તો એને જૂઠો ન કહી શકાય. મને લાગ્યું કે એ બન્યું હશે. સંભવ છે કે એમણે રૂમમાં ડૉ. બેસન્ટનું ચિત્ર રાખ્યું હોય અને ધ્યાન કર્યું હોય. તેમણે કેટલાક પ્રશ્ન પૂછ્યા હશે અને તેમને ઉત્તર મળ્યા હશે. મારું માનવું છે કે આ પ્રકારનો અનુભવ આવી શકે. એ સિદ્ધિનો પ્રયોગ એની બેસન્ટે કર્યો નહીં હોય, એ થયો હશે. તીવ્ર શ્રદ્ધા અને ધ્યાનશક્તિને પરિણામે ડૉ. ભાલચંદ્રને એ અનુભવ આવ્યો હશે. સંભવ છે કે એમનો અને ડૉ. બેસન્ટનો ઘનિષ્ઠ સંબંધ હોય અને તે દિવસે ડૉ. બેસન્ટે ભાલચંદ્રનો વિચાર પણ કર્યો હોય–કોઇ શક્તિનો પ્રયોગ કરવા માટે નહીં, સહજરૂપે. અને તેથી એ અનુભવ આવ્યો હોય. આ રીતે એક બાજુ શ્રદ્ધા હતી અને બીજી બાજુ ધ્યાનનો પ્રયોગ થયો. તો મને એ અસંભવ નથી લાગતો. પરંતુ એટલું નિશ્ચિત કે એનો અધ્યાત્મની સાથે કશોયે સંબંધ નથી.



સિદ્ધિ–ચમત્કારોનું મેં ખાસ્સું પરીક્ષણ–નિરીક્ષણ કર્યું છે. એમાં ગુણવિકાસજન્ય ચમત્કારો સાચા, લાભદાયી અને યૌગિક હોય છે; બાકીના બધા કાલ્પનિક. કેટલાક આશ્વાસનાત્મક પણ હોય છે. એટલે લાભદાયી નીવડે છે. કેટલાક નુકસાન પણ કરે છે. એટલા માટે ગીતામાં શ્રદ્ધાને સાત્ત્વિક, રાજસ, તામસ, એમ ત્રણ ભૂમિકામાં વહેંચી છે.

પાડાની પીઠ પણ ચાબખા માર્યા અને જ્ઞાનદેવની પીઠ પર સોળ ઊઠયા એવા ચમત્કારોને માનવા હું તૈયાર છું. કેમ કે સમજી શકું છું કે એ કરુણામૂલક ચમત્કાર છે. કરુણાને કારણે જ્ઞાનદેવનું ચિત્ત પાડાના ચિત્ત સાથે એકરૂપ થયું અને તેમના પર તેની અસર થઇ. પરંતુ 'જ્ઞાનદેવ એક ભીંત પર બેઠા અને ભીંત ઊડવા લાગી'–આ વાત મને નથી સમજાતી. ભીંત ઊડે તેમાં શો ચમત્કાર થયો? સામાન્ય ટ્રેન પણ ધસમસતી દોડે છે, તે શું ઓછો ચમત્કાર છે? મને તેનું આકર્ષણ નથી. હા, એ એક રૂપક છે. જ્ઞાનેશ્વર મહારાજે ભીંત ચલાવી. કોની સામે? ચાંગદેવ સિંહ પર બેસીને આવી રહ્યા હતા, એમના સ્વાગત માટે જવાનું હતું, તો એમના કરતાં કાંઇક સવિશેષ કરવાનું હતું. કોઇ જાંબુ લઇને આપણને મળવા આવે તો આપણે તેને કેરી આપીને આવકારીએ, તેના જેવું. જ્ઞાનદેવ મહારાજ એ વખતે ભીંત પર બેઠા હતા, તો એમણે ભીંતને જ ચલાવવા માંડી–આવી કથા પ્રસિદ્ધ છે. આ રૂપકનો અર્થ એટલો થાય કે ચાંગદેવ સિંહ પર બેસતા એ એમની અહિંસાનો ચમત્કાર, તો જ્ઞાનદેવે ભીંત ચલાવી એટલે જડને ચેતનમય બનાવ્યું.

ઘણાં વરસો પહેલાંની વાત છે. મુંબઇમાં એક મેસ્મેરિઝમ-

વાળો મને કહે કે હું સામેની વ્યક્તિના ચિત્ત પર અસર પાડી ધાર્યું કામ કરાવી શકું છું. મેં કહ્યું, 'તો લે, કર મારા ઉપર પ્રયોગ.' મને કહે, 'મારી સામે અપલક જોયા કરજો.' પછી એ એની આંગળીઓ નચાવતો રહ્યો અને હું જોતો રહ્યો. ૧૫ મિનિટ ગઇ, ૨૦ મિનિટ ગઇ પણ કાંઇ પરિણામ ન આવે. છેવટે કહેવા લાગ્યો, 'તમારું નિશ્ચયબળ દૃઢ છે, એટલે કાંઇ અસર ન થઇ.' ત્યારે મેં એને ધમકાવ્યો કે નબળા દિલવાળા લોકોનો લાભ ઊઠાવી આ શું ધંધો માંડયો છે? કોઇના ચિત્તને નબળું પાડી એની નબળાઇનો લાભ ઊઠાવી એનું કલ્યાણ કરવાની વાત મને જરાય મંજૂર નથી.

આવો બીજો એક ફ્રેડ (ઘેલછા) છે 'શક્તિપાત'નો. માથા પર હાથ મૂક્યો અથવા આલિંગન આપ્યું કે થઇ ગયું પરિવર્તન! સ્પર્શ માત્રથી કોઇ મુક્તિ અપાવે એવી મુક્તિ મને ન ખપે. હું પોતે સમજીબૂઝીને પહોંચવા માંગું. બાકી દિલ–દિમાગને નબળાં પાડી શ્રદ્ધાને જોરે કામ થાય તે હંમેશાં કલ્યાણકારી નથી નીવડતું. અને તેમાં જો કૃતાર્થતાનો ભાસ થઇ ગયો તો તો આવી જ બન્યું! પછી પ્રગતિ માટે કોઇ અવસર નથી રહેતો.

યોગસાધનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ એ કાંઇ મુક્તિની અવસ્થા નથી. બલ્કે મુક્તિના માર્ગમાં અવરોધક છે. તેની કીમત કેટલી? રામકૃષ્ણ પરમહંસે એક યોગીનો પ્રસંગ ટાંક્યો છે. વીસ વરસ સાધના કરી તેણે પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. ગંગાના પાણી પર ચાલતો ચાલતો તે રામકૃષ્ણદેવ પાસે આવ્યો અને કહ્યું, 'જુઓ, હું કેવો પાણી પર ચાલતો ચાલતો આવું છું.' તો રામકૃષ્ણે કહ્યું, 'આને શું યોગ કહેવાય? બે પૈસા આપીને હોડીમાં બેસીને નદી પાર કરી શકત. તેને માટે વીસ વરસ



સાધના કરવાની શી જરૂર? વીસ વરસની સાધનાની કીમત બે પૈસા!

મને પૂછે છે, યોગદ્વારા ચક્કર આવતા બંધ કરવાનો પ્રયોગ તમે કેમ નથી કરતા? પરંતુ સમજવાની વાત છે કે ધ્યાનનો ઉપ-યોગ ભૌતિક કાર્ય માટે કરવો, આધ્યાત્મિક દૃષ્ટિએ નુકસાનકારક છે. એટલા માટે મોટા મોટા યોગીઓએ પણ દુઃખ ભોગવીને જ રોગમાંથી મુક્તિ મેળવી.

રોગ થાય જ નહીં, એ અસલી યોગ છે. એ તો ન સધાયું. એવી સ્થિતિમાં રોગનિવારણ માટે યોગનો ઉપયોગ કરવો એટલે હરિચરણ ગુમાવીને આરોગ્યપ્રાપ્તિ કરવી, મતલબ વ્યાજના લોભમાં મુદ્દલ ગુમાવવું.

આમ, કેટલાક ચમત્કાર ચિત્તશુદ્ધિના પરિણામે થાય છે, કેટલાક ચમત્કાર શ્રદ્ધાના પરિણામે થાય છે. કેટલાક યોગસિદ્ધિના પરિણામે થાય છે. ચિત્ત સાફ હોય, અહિંસા સંપૂર્ણપણે આત્મસાત્ થઇ ગઇ હોય, વેર ખતમ થઇ ગયું હોય એવા મનુષ્યને સાપ કશું નથી કરતો, આવીને એના ખોળામાં બેસી જાય છે. આ પણ એક ચમત્કાર જ છે. એ કોઇ નાનોસૂનો ચમત્કાર ન ગણાય! નિર્વિકાર, નિરહંકાર, અહિંસામય ચિત્ત હોય તો આવું બની શકે.

બાકી, હું માનું છું કે યૌગિક ચમત્કાર કરતાં અનેકગણા ચમત્કાર વિજ્ઞાને કર્યા છે. તટસ્થ દૃષ્ટિએ જોઇએ તો કોઇ દિલ્હીમાં બોલે અને આપણે અહીં વર્ધામાં સાંભળીએ એ કેટલો વિલક્ષણ ચમત્કાર છે! આથી મોટો ચમત્કાર કોઇ યોગી કરશે કે?

### રોટીવાદથી પ્રશ્ન કદી નહિ ઉકલે.

સંસાર આજે રોટીવાદથી પીડાય છે. યુદ્ધવાદ, ભોગવાદ, સત્તાવાદ ને સામ્યવાદ જેવા બીજા વાદો પણ તેમાં ફાલી રહ્યા છે. એ બધાની પાછળ માનવવાદ ભૂલાયો છે. બધું મેળવવાની સાથે માનવ આખરે માનવ છે, ને તેણે સાચા માનવ થવા ઉત્તરોત્તર પ્રયાસ કરવાનો છે, એ વાત વિસરાઈ ગઈ છે. ધર્મ, નીતિ, ઈશ્વર કે આધ્યાત્મિકતાનું મહત્ત્વ ભૂલાયું છે. એ મહત્ત્વ જો ફરી યાદ કરાય, ને સાચા માનવ થવા તરફ વધારે ને વધારે ધ્યાન દોરાય, તો સંસારના ઘણા પ્રશ્નો ઉકેલવામાં મદદ મળે, ઘણા વાદોની ભયંકરતા દૂર થાય, ને ભેદભાવ, શોષણ ને જોરજુલમની જૂઠી રીત-રસમોનો પણ અંત આવે. માનવની અંદર મરી પરવારેલી માનવતાને જગાડીને, તેની અંદરના દેવતાને જાગ્રત કરીને ઘણું ઘણું કામ કરી શકાય. ઈશ્વર કે આધ્યાત્મિકતા એ બાબતમાં ખૂબ અસરકારક ભાગ ભજવશે. માટે માણસનું મન તે તરફ દોરાય ને તેમાં રસ લેતું થાય તેવા પ્રયાસની જરૂર છે. તેવા પ્રયાસ કોઈ પણ જાતની સ્વાર્થ ને સાંપ્રદાયિકતાની ગંધથી રહિત થઈને થતા હોય, તો ભલે હજારોની સંખ્યામાં થતા. તે આવકારદાયક લેખાશે. સંસારની સેવાની સામગ્રી જેવા સાબિત થશે.

With best Compliments From

**TIRUPATI MARBLES Ltd.**

Village Chikhla, Post AMBAJI–385110 [N.G.]

Phones : **2362, 2363**

STD Code : **027412**, Fax : **2106**



# ચૂંટેલા પુષ્પો

બાગવાન

પૈસો પ્રારબ્ધ પ્રમાણે મળે છે. શાસ્ત્રમાં લખ્યું છે કે સંપત્તિ, સંતતિ અને સંસારસુખ એ પૂર્વજન્મનાં કર્મ પ્રમાણે જ નક્કી થાય છે. પૂર્વજન્મનાં કર્મ પ્રમાણે સંપત્તિ મળે છે. પૂર્વજન્મમાં કરેલા કર્મ પ્રમાણે જ સંસારસુખ અને સંતતિ પ્રાપ્ત થાય છે.

* * *

નિર્વાહ માટેનો વ્યવહાર કરતાં પુરુષથી જાણ્યે–અજાણ્યે પાપ થઈ જાય છે. એ પાપ એને એકલાને ભોગવવું પડે છે. શાસ્ત્રમાં તો એટલે સુધી લખ્યું છે કે પૈસા કમાતાં પુરુષ પતિ પુણ્ય કરે તેમાં સ્ત્રી પણ ભાગીદાર છે. જે સ્ત્રી પતિમાં ઈશ્વરની ભાવના રાખી તેની સેવા કરે છે તે સ્ત્રીને જ પતિના પુણ્યમાં ભાગ મળે છે. પતિદેવનું કહ્યું ન માને, પતિનું દિલ દુભવે તેવી સ્ત્રીને પતિનું પુણ્ય મળતું નથી. પતિમાં ઈશ્વરભાવ ન રાખે તે સ્ત્રીના આ લોક અને પરલોક બેય બગડે છે.

ભજનમાં મસ્ત થવા માટે સહેલું અને સરળ સાધન હાથની તાળી છે. એટલા માટે સંતો અને ભક્તો જોર–જોરથી કહે છે. ઘણા લોકો તાળી પાડવાનો વિરોધ કરે છે. ભજન કરવું તો શાંતિથી શા માટે ન કરવું? તાળી પાડીને હી...હા... કરવાની શી જરૂર છે? આ કાંસી જોડા વગાડવાની શી જરૂર છે? ઢોલકની શી જરૂર છે? ભગવાનનું નામ લેવું હોય તો શાંતિથી મનમાં લો.

પરંતુ ભગવાનનું નામ ઉચ્ચ સ્વરે અને તાળી પાડીને લેવામાં બે ફાયદા છે. ભગવાનનું નામ મનમાં લેવાથી માત્ર પોતાનું જ કલ્યાણ થાય છે, જ્યારે ઉચ્ચ સ્વરે પ્રભુનું નામ લેવાથી આસ-પાસમાં વસતા જીવોનું પણ કલ્યાણ થાય છે. જાણે કે અજાણે ભગવદ્ નામનું શ્રવણ થતાં મનુષ્યના મનમાં પાપ બળવા લાગે છે અને વાતાવરણ શુદ્ધ બને છે. પ્રભુનું નામ ઉચ્ચ સ્વરે પોકાર-વાથી આસપાસનું વાતાવરણ શુદ્ધ થાય છે અને ત્યાં વસતા માનવીઓની વૃત્તિ પલટાય છે.

* * *

ભગવાને જ્ઞાન માટે મસ્તક આપ્યું, ભક્તિ માટે હૈયું આપ્યું અને કર્મ માટે હાથ આપ્યા. પછી એની પાસે બીજું કશુંય શા માટે માગવું? મસ્તક, હૈયું અને હાથ ત્રણેને સાથે રાખીને રામનું નામ લેતા રહીએ ને રામનું કામ કરતા રહીએ.

* * *

પારકાંની પીડા જાણે અને તે દૂર કરવા મથે એ જ સાચો વૈષ્ણવ. બીજાના દુઃખ જોઇ દ્રવે એનું નામ દિલ. અને એ દુઃખ દૂર કરવા વહે એનું નામ દ્રવ્ય, બીજાના દુઃખ જોઇ દ્રવી ઊઠતા દિલવાળા સંતો અને બીજાનાં દુઃખ દૂર કરવા દ્રવ્ય વહાવનારા શ્રીમંતો જો સક્રિય બને તો કોઇ દુઃખી ન રહે.

* * *

સતી એટલે પતિના મૃતદેહ સાથે બળી મરનારી પત્ની નહિ પરંતુ પોતાના સમગ્ર અસ્તિત્વમાંથી સત પ્રગટાવનારી અને એ રીતે જ જીવનારી મહાન નારી. પતિના દેહાંત પછી તનથી અને મનથી સતના માર્ગે ચાલે એનું નામ 'સતી'.

* * *



સંત સાથેનો સંબંધ જીવને ભવબંધનથી છોડાવે છે ને જીવનો ઈશ્વર સાથેનો સંબંધ જોડી આપે છે. માટે જ સંસારી સાથેનો સંબંધ ઘટાડજો ને સંત સાથેનો સંબંધ વધારજો. કારણ સંત સાથેનો સંબંધ જેઓ બાંધી ન શકે એને સંસારનાં બંધન જકડી રાખે છે.

**સુવાક્ય**

દરેક માણસ આ જીવનના જંગમાં પડેલો છે તેમાં તેણે કામ, ક્રોધ, લોભ અને અહંકાર જેવા અનેક યોદ્ધાઓ જોડે લડવાનું છે. તેમની સાથેની લડાઈમાં નિરાશ થયે નહિ પાલવે. ભગવાનને શરણે જઈને, ભગવાન પર શ્રદ્ધા રાખીને તેણે લડવાનું છે. તો જંગ અવશ્ય જીતાય જાય છે.

– યોગેશ્વરજી


* પરફેક્ટ એન્ટરપ્રાઈઝ *

મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઈમ્પોર્ટ્સ

એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ

૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર

રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.

ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

# શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કરુણા

એક વૈષ્ણવ

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતાના શિષ્યો સાથે વ્રજમાં ભગવદ્ વિરહના ગુણગાનો ગાતા, વિહરતા ગ્રહવર વનમાં આવ્યા. અહીં આગળ શ્રી વલ્લભે એક અજગરને અસંખ્ય કીડીઓ ચટકા મારી ફોલી ખાતો જોયો. આ જોઇને શ્રી વલ્લભના મુખના ભાવ બદલાઇ ગયા. કરુણામૂર્તિ એવા તેઓશ્રીનો ભગવદ્ ભજનમાં રહેલો પ્રેમ, ઉલ્લાસ, એકાગ્રતા એક પછી એક ઓછા થવા માંડયા અને તેના સ્થાને ગ્લાનિ, કરુણા અને દયાના ભાવો દેખાવા માંડયા.

આમ એકાએક કૃષ્ણ વિરહમાંથી શ્રી વલ્લભની એકાગ્રતા ઊડી જતી જોઇને મુખ્ય સેવક શ્રી દામોદરદાસ હરસાણી ચિંતામાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે, તેમનામાંથી કોઇએ અપરાધ તો નથી કર્યો ને? એટલે સેવકજનો અંદર–અંદર એકબીજા સાથે ચર્ચા કરવા લાગ્યા. આખરે શ્રી દામોદરદાસે નમ્રતાથી પૂ. શ્રી વલ્લભને વિનંતી કરી પૂછ્યું, 'આપ અત્યાર સુધી ભગવદ્ ભજનમાં મગ્ન હતા અને એકાએક આમ ઉદાસ કેમ થઇ ગયા? આપ જેવા મહાપુરુષને વળી શોકનો ભાવ શા માટે? અહીં એવું શું જોયું કે, આપની આંખમાંથી આંસુ ઝરે છે?

શ્રી દામોદરદાસની નમ્ર વાણી સાંભળી મહાપ્રભુજી ગળગળા થઇ ગયા. અને પોતાની આંગળી ચિંધીને અજગરને ફોલી ખાતી કીડીઓ બતાવી. અજગર પછાડા ખાતો ફૂંફાડા મારતો હતો. આ દૃશ્ય જોઇ શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી પોતાના



સેવકોને કહ્યું, "પૂર્વજન્મમાં આ અજગર વૃંદાવનમાં મોટો મહંત હતો અને આ કીડીઓ જે અજગરને ચટકા ભરે છે તે તેના શિષ્યો હતા. આ મહંતે શિષ્યો પાસેથી પુષ્કળ દ્રવ્ય પડાવી તેનો ઉપયોગ ભગવદ્કાર્યમાં કે પરોપકારમાં ન કરતાં વિલાસમાં ખર્ચી નાંખ્યું. ગુરુને જોઇને એના શિષ્યો પણ એવા જ મોજશોખમાં પડી ગયા. કાળક્રમે મહંત અને એના શિષ્યો મરણ પામ્યા.

મહંત બીજા જન્મે આ અજગર થયો અને શિષ્યો કીડીઓ થઇ. હવે એ શિષ્યો એને કહે છે કે, તારામાં અમારો ઉદ્ધાર કરવાની શક્તિ કે આવડત નહિ હતી તો અમને સેવક બનાવી શા માટે બરબાદ કર્યા? અમારું ધન ખોટે માર્ગે શા માટે વાપર્યું?

આ જોઇને શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના સેવકોને સમજાવ્યું કે જે ગુરુ થાય તેણે સમજવું જોઇએ કે, પોતે ગુરુ થવાની પૂરી લાયકાત ધરાવે છે? જો યોગ્ય ગુરુ ન મળે તો પોતાના ઘરે રહીને પ્રભુસેવા, સ્મરણ અને સત્સંગ કરવાં સારાં. એથી પણ દેહનું અવશ્ય કલ્યાણ કલ્યાણ થશે."

ત્યાર પછી શ્રી વલ્લભે એ અજગર તથા કીડીઓ તરફ કરુણા ભરી દૃષ્ટિ કરીને પોતાની ઝારીજીમાંનું જળ છાંટીને તે મહંત તથા શિષ્યોનો ઉદ્ધાર કર્યો.

* * *

### શ્રી યોગીબાપા–અક્ષર પુરુષોત્તમી

યોગીબાપા એટલે ઝીણાભાઇ. એમના બાળપણનો એક પ્રસંગ છે. ઝીણાભાઇ ભણવામાં ખૂબ જ પ્રવીણ. દરેક ધોરણમાં પહેલા નંબરે પાસ થાય. વર્ગમાં હોંશિયાર પણ એવા જ.

પરીક્ષા હોય ત્યારે ઠોઠ વિદ્યાર્થી તો ઝીણાભાઇની બાજુમાં

બેસે. ઝીણાભાઇની પાટીમાંથી જોઇને લખવાનો પ્રયાસ કરે. કેટલાક ઠોઠ નિશાળીયા તો ઝીણાભાઇની સામે ડોળા કાઢીને કહે પણ ખરા, 'લખી લો એટલે અમને તમારા જવાબ કહેજો.'

ઝીણાભાઇ સાંભળે. હસી પડે. સામો જવાબ આપે. 'હા, કહીશું ભાઇ કહીશું... મારી પાટી આમ રાખીશ એટલે તમો જોઇને લખી લેજો.'

શિક્ષક દાખલા ગણાવે. ઝીણાભાઇ ઘડીકમાં ગણી લે અને તરત જ પોતાની પાટી ઊંધી વાળી દે. બાજુમાં બેઠેલો વિદ્યાર્થી હળવેકથી ઝીણાભાઇને પૂછે, 'ભૈ, (ભાય) તારા દાખલામાં શું આવ્યું છે? પણ ઝીણાભાઇ જવાબ દેવાને બદલે ચૂપચાપ બેસી રહે. કાંઇ બોલે નહિ.

ક્યારેક ક્યારેક ઝીણાભાઇને ધમકી પણ મળે. 'ઝીણા, તારી પાટીનો દાખલો બતાવ નહિ તો તને મારીશ.'

ઝીણાભાઇ ડર્યા વગર કહે. 'તમે જાતે ગણોને. જો મારું ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.' એમને ચોરી ગમે નહિ. એ તો ચોરી કરી લખતા છોકરાઓને કાયમ કહે. 'ચોરી કરીને લખીએ એટલે ભગવાનને છેતર્યા બરાબર કહેવાય. આવા હતા ઝીણાભાઇ.

એ જ યોગી બાપા.

* * *

ગુજરાતમાં ભાગ્યે જ કોઇ યોગીજી મહારાજના નામથી અજાણ્યું હશે. ભારતભરમાં અને વિદેશમાં પણ તેમની નિર્મળ સાધુતાની મહેક પ્રસરી ચૂકી છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો જન્મ અમરેલી જિલ્લાના



ધારી ગામ સંવત્ ૧૯૪૮ ના વૈશાખ વદી બારસના દિવસે લોહાણા કુટુંબમાં થયો હતો. બાળપણનું નામ ઝીણાભાઇ હતું. માતા પૂરીબાઇ અને પિતા દેવચંદભાઇને સ્વામિનારાયણ સંપ્રદાયનો સત્સંગ પેઢીઓગત જૂનો હતો. પરિણામે ઝીણાભાઇને પણ સત્સંગ વારસામાં પ્રાપ્ત થયો. ઝીણાભાઇ ખૂબ તેજસ્વી વિદ્યાર્થી હતા. વર્ગમાં હંમેશાં પ્રથમ સ્થાન રાખતા. ઝીણાભાઇમાં નીડરતા, સત્યકથન, પુરુષાર્થ વગેરે ગુણોને લીધે તેઓ શિક્ષકોના લાડીલા બન્યા.

શાળાના રમતગમત કે રીસેસના સમયમાં ભગવદ્ભક્તિ સિવાય તેમની અન્ય કોઇ પ્રવૃત્તિ નહોતી. ગામના સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની પૂજા, આરતી, સેવા કરવાનો તથા વહેલી સવારે શેત્રુંજી નદીના કાંઠે ધ્યાનમાં બેસવાનો તેમનો નિત્યક્રમ હતો. ગામવાસીઓ તેમને ધ્રુવ, પ્રહ્લાદ કે નરસિંહ જેવા મહાન ભક્ત દેખતા હતા.

ઝીણાભાઇ તો અનેક લોકોને દિવ્ય માર્ગે વાળવા ભગવાન ભજાવવા આવ્યા હતા. સાધુ થવા માટે માતાને પ્રેમથી સમજાવી તેમણે સંમતિ મેળવીને ગૃહત્યાગ કર્યો. જૂનાગઢના સદ્ગુરુ સંત પૂજ્ય કૃષ્ણચરણ સ્વામીએ તેમને ૧૮ વર્ષની નાની વયે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મધૂરંધર આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજના વરદ હસ્તે સાધુ દીક્ષા અપાવી. તેમનું નામ તો 'જ્ઞાનજીવનદાસજી' આપવામાં આવ્યું હતું પણ સવારે વહેલા ઊઠવું, કડકડતી ઠંડીમાં માટલાના પાણીથી સ્નાન કરવું, ગળ્યું ન ખાવું વગેરે વૈરાગ્યયુક્ત અપૂર્વ ભક્તિયોગથી તેઓ (યોગી) 'યોગીજી મહારાજ'ના હુલામણા નામે ઓળખાયા.

ટૂંક સમયમાં તેઓ અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સાથે સેવાકાર્યમાં જોડાઇ ગયા. ભગવાન સ્વામિનારાયણનો ભક્તિસહિત ભગવાનની ઉપાસનાનો રહસ્યાચાર તેઓએ ભક્તસમાજને સમજાવ્યો. બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા તથા ગઢડામાં ભવ્ય મંદિરો બંધાયા પછી શાસ્ત્રીજી મહારાજ સત્સંગ સમાજનું સુકાન યોગીજી મહારાજને સોંપી અંતર્ધ્યાન થયા.

'ભગવાન સૌનું ભલું કરો' આ કલ્યાણભાવના સાથે સાચી ભક્તિ ઉપાસના પ્રવર્તાવવા, લોકોને વ્યસનમુક્ત તેમ જ સંસ્કારયુક્ત કરવા યોગીજી મહારાજે પોતાની વૃદ્ધ ઉંમર સુધી રાત–દિવસ ટાઢ–તડકો જોયા વગર સતત ગુજરાતભરનાં ગામડાઓ પાવન કર્યાં. એટલું જ નહિ, વિદેશમાં પણ આફ્રિકા અને લંડનમાં સૌને સ્વધર્મ માર્ગે દોર્યા છે. તેમણે ગોરાઓને પણ દારૂ–માંસ છોડાવ્યા. બંધ ચર્ચનું હિંદુ મંદિરમાં તેમણે રૂપાંતર કર્યું અને સૌને ભક્તિયોગ આપ્યો. યોગીજી મહારાજનું કાયમ ભાવવિભોર હસતું મુખ જોઇ લંડનના પત્રકારો આકર્ષાતા. એક અંગ્રેજી પત્રકારે યોગીજી મહારાજને હસતા જોઇ સવાલ કર્યો. 'આપને આધિ, વ્યાધિ, ઉપાધિ, ક્યારેય આવી છે? યોગીજી મહારાજે કહ્યું, "જિંદગીમાંય આવી નથી."

તેમની આવી ભક્તિ–આનંદની ખુમારી જોઇ અસંખ્ય ભણેલાં–ગણેલાં યુવાનોએ તેમની પાસેથી દીક્ષા લીધી. યોગીજીએ તે યુવાન સાધુઓને સંસ્કૃત, સાહિત્ય, સંગીતનું જ્ઞાન અપાવી સંસ્કૃતિને પુનર્જીવિત કરી. આવા વિદ્વાન, વાચસ્પતિ સંતોદ્વારા સમાજને સંસ્કારવામાં તેઓ સફળ થયા.



સમાજનાં ભાવી નાગરિક–બાળકો તથા યુવાનોને ધર્મમય બનાવવા તેમણે બાલ–યુવા મંડળોની સ્થાપના કરી. 'યુવકો મારું હૃદય છે, તેમ કહેતા યોગીજી મહારાજે સૌ બાળ–યુવાનોને શિસ્ત, સંયમ, સેવા અને ભક્તિના પાઠ પોતાના આચરણદ્વારા જ બતાવ્યા.'

ગુરુપણાના ભારથી અજ્ઞાત યોગીજી મહારાજ તો સેવા–ભક્તિનો મોકો મળે કે તરત જ સેવા કરવા માંડતા. ચોક વાળવો, વાસણો માંજવા, ઠાકોરજીની સેવા–પૂજા કરવી, શાક સુધારવું કે હરિભક્તોને જમાડવા વગેરે તેમની કાયમી દિનચર્યા બની ગઇ હતી. એકવાર વિચરણમાં તેમણે બાથરૂમમાં મેલાં પડી રહેલા યુવકોનાં કપડાં જોયાં. તરત જ બારણું અંદરથી બંધ કરી કપડાં ધોવા લાગ્યા. યુવકો સ્વામીજીને શોધતા બાથરૂમ પાસે આવ્યા અને ખખડાવ્યું, ત્યારે તો તેમણે બધાંય કપડાં ધોઇ નાંખ્યાં હતાં. યુવકોને નિયમિતતા તથા સેવાનું માર્ગદર્શન સ્વ આચરણદ્વારા બતાવ્યું.

તેમની સાદી સોરઠીવાણી, પ્રેમભર્યો ધબ્બો, આંખે નીતરતી કરુણા અને નિર્દોષ હાસ્ય હજુ સુધી કોઇ ભૂલી શકતું નથી. યોગીજી મહારાજ આનંદમય બ્રહ્મ હતા. તેથી તેમની વાણી સાંભળી અનેક લોકો પાવન થતા.

સંવત ૨૦૨૭ માં તેઓ અક્ષરનિવાસી થયા. પ્રમુખસ્વામી મહારાજને સર્વધર્મની પ્રેરણા આપી વિશ્વવંદનીય બન્યા છે.

# કરુણામૂર્તિ શ્રી શ્રી મા શારદા

સંકલન : ઝિંઝુવાડીયા કનૈયાલાલ

દેવી જગદ્ધાત્રીની પૂજા વખતે રાંચીથી એક છોકરો જયરામવાટી ગયો પણ પૂજા દરમિયાન ત્યાં એટલી બધી ભીડ થઇ કે તે માતાજીને દીક્ષા લેવાની વાત કરી ન શક્યો. જવાને દિવસે માતાજીની તબિયત સારી ન હોવાથી સૌ એમને મળવા એમના સૂવાના ઓરડાની બહાર વરંડામાં ઊભા હતા. સૌ દર્શન કરીને ચાલ્યા ગયા પછી પેલો છોકરો આવ્યો ને માતાજીના ચરણોમાં માથું રાખીને એટલું રડવા માંડ્યો કે એમના પગ આંસુથી ભીંજાઇ ગયા. માતાજીએ એને ઊઠાડીને પૂછ્યું, "દીકરા, આમ શા માટે રડે છે? મંત્ર લેવો છે?" કહી ઓરડાનો દરવાજો બંધ કરી એ જ અવસ્થામાં એને દીક્ષા આપી.

જયરામવાટીમાં માતાજી એક દિવસ એમના ઘરની છાજલી નીચે ઊભાં હતાં ને છોકરાઓ પ્રણામ કરતા હતા. છેલ્લે એક છોકરો આવ્યો ને કાંઇ પણ કહ્યા વગર રડવા માંડ્યું. માતાજી એની આંસુભરી મૌન પ્રાર્થના સમજી ગયાં ને બીજાને ખસી જવાનું કહી ઊભાં ઊભાં જ એને દીક્ષા આપી. એ જ ગામડામાં રહેતી એક નાનપણની બહેનપણીને માતાજીએ એક દિવસ સૂતાં સૂતાં જ મંત્રદીક્ષા આપી હતી. ભક્તના શુભસંસ્કાર ને વ્યાકુળતા જોઇ માતાજી આમ સ્થાન–કાળ લક્ષમાં રાખ્યાવિના જ દીક્ષા આપતાં. પણ એનો અર્થ એમ નથી કે તેઓ હમેશાં આમ કરતાં હતાં. કાશીમાં તેઓ કોઇને પણ દીક્ષા નહોતાં આપતાં. તેઓ કહેતાં



કે "અહીં તો શિવ જ ગુરુ છે." શ્રી રામકૃષ્ણની જન્મતિથિએ પણ તેઓ દીક્ષા નહોતાં આપતાં. આના અપવાદરૂપે બે વાર તે દિવસે એમણે દીક્ષા આપી હતી. એક વખત તેઓ મદ્રાસમાં હતાં ત્યારે એ દિવસે એમણે બે જણને દીક્ષા આપી હતી. બીજી એક વાર એક ગરીબ, માંદલો, અભણ માણસ શ્રી રામકૃષ્ણની જન્મતિથિએ દીક્ષા લેવા માટે જયરામવાટી આવેલો એનું પવિત્ર અંતઃકરણ જોઇને અને એ ફરી આવી નહિ શકે એમ વિચારીને, તે દિવસે દીક્ષા આપવાની કાંઇ વ્યવસ્થા કરવામાં નહોતી આવી, તેમ જ સેવકોએ પણ નિષેધ કર્યો, તોપણ માતાજીએ એને એ દિવસે જ દીક્ષા આપી હતી. આવી હતી શ્રી શ્રી મા શારદાની કરુણા!

દીક્ષાર્થીના સંસ્કાર પ્રમાણે માતાજી દીક્ષા આપતાં. કોઇ એક સારા કુટુંબની સ્રી દીક્ષા લઇ એને સાસરે ચાલી ગઇ હતી. ત્યાં એ નિયમિત ધ્યાનજપ કરતી પણ પોતાનો મંત્રોચ્ચાર બરાબર થાય છે કે નહીં તે વિષે એને સંશય હતો. ત્રણ વર્ષ પછી સદ્‌ભાગ્યે માતાજીનાં દર્શનનો યોગ થતાં પોતાનો સંશય માતાજીને જણાવ્યો. એની વાત સાંભળી માતાજીએ કહ્યું, "કેટલા દિવસ પહેલાંની વાત કરે છે? અત્યારે મને શું યાદ હોય? તું જરાક બેસ. હું ઠાકુરને પૂછી આવું." આમ કહી તેઓ પૂજાના ઓરડામાં ગયાં ને થોડા વખત પછી પાછાં આવીને કહ્યું, "દીકરી, મેં શું તને આ મંત્ર આપ્યો હતો?" તેણે હા પાડતાં માતાજીએ કહ્યું, "તો ઠીક છે. એ જ જપ કરજે. એમાં કંઇ ભૂલ નથી."

**મારી મંત્રદીક્ષા**

આ પ્રસંગને અનુરૂપ મારો પોતાનો એક અનુભવ નીચે પ્રમાણે છે. પ. પૂ. ગુરુદેવશ્રી શ્રી યોગેશ્વરજી પાસે મેં મંત્રદીક્ષા

લેવાની ઇચ્છા વ્યક્ત કરી. બીજે દિવસે જન્માષ્ટમી હતી. મારી ભાવના તે દિવસે મંત્ર મળે તેવી હતી, પરંતુ મહાત્માશ્રીએ મને નોમને દિવસે સવારે આવવા કહ્યું. નોમને દિવસે હું અને મારાં પત્ની સવારે આપેલ સમયે શ્રી નારાયણકાકાનું રહેઠાણ છે, તેની બાજુના બંગલામાં પૂ. ગુરુદેવનો ઉતારો હતો ત્યાં ગયાં. અમારી પહેલાં એક બહેન પણ આવીને બેઠાં હતાં.

થોડીવાર પછી મા લોબીમાં આવ્યાં અને "મંત્ર લેવા આવ્યાં હોય તે આવો" તેમ કહ્યું. અમારી પહેલાં જે બહેન આવેલ તેમની કાંઇ હિલચાલ ન જોતાં તરત અમો પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા. પૂજ્યશ્રીએ પૂછ્યું, "તમારા ઇષ્ટદેવ કોણ?" મેં તેઓશ્રીને જણાવ્યું કે અમારા ઈષ્ટદેવ શ્રી રામ છે. મહાત્માજીએ કહ્યું, "તમે આ મંત્રની આટલી માળા કરજો. પૂ. યોગેશ્વરજીની એ પદ્ધતિ જ હતી. તેઓ દીક્ષાર્થીની જે દેવ, દેવી પર આસ્થા હોય તેને અનુરૂપ જ મંત્ર આપતા. પણ મનમાં મને વસવસો રહી ગયો કે મહાત્માશ્રીએ પોતે મંત્ર નથી આપ્યો.

બારડોલીની શિબિરમાં મેં પૂ. માને ચિઠ્ઠી લખી મંત્રદીક્ષા આપવા વિનંતિ કરી. કારણ કે શ્રી ઈશ્વરભાઇ ભક્તની કડક સૂચના હતી કે, "કાર્યક્રમ પછી પૂ. માને કોઇએ મળવા ન જવું." મેં જણાવેલ કે, "આપ એમ ન કહેશો કે હું કોઇને મંત્રદીક્ષા આપતી નથી." અથવા તો આપ મહાત્માશ્રીનાં માધ્યમ બની મંત્ર આપશો. ચિઠ્ઠી આપ્યા પછી મને વિચાર આવ્યો કે કેટલી માળા કરવી તે તો લખવું જ ભૂલાઇ ગયું! બીજે દિવસે આગલા દિવસની પ્રશ્નોત્તરીના જવાબનો કાર્યક્રમ હતો. જેના જેના પ્રશ્નો હતા તેનો પૂ. મા જવાબ આપતાં. તે કાર્યક્રમમાં એક ભાઇની ચિઠ્ઠી આપતાં માએ કહ્યું, "તે ભાઇને મંત્ર લેવો હતો." ઘણા



લાંબા સમય સુધી મને કોઇ જવાબ ન મળતાં હું હતાશ થઇ ગયો. તોપણ મારું નામ બોલાય તેની પ્રતીક્ષા કરવા લાગ્યો. પ્રશ્નોના જવાબની થોડી જ ચિઠ્ઠીઓ બાકી રહી ત્યારે તેમાંથી મારી ચિઠ્ઠી આપતાં પ. પૂ. માએ કહ્યું, "તેમને પણ મંત્ર લેવો હતો." જ્યારે મેં ચિઠ્ઠી ખોલી ત્યારે મારાં આશ્ચર્ય વચ્ચે પ. પૂ. શ્રી શ્રી યોગેશ્વરજીએ જે મંત્ર આપેલ તે જ મંત્ર પૂ.માએ લખી આપેલ તે ઉપરાંત પૂ. ગુરુશ્રીએ જેટલી માળા કરવા કહ્યું હતું તેટલી જ માળા શ્રી માએ પણ કરવાનું લખેલ. વાંચ્યા પછી હું એટલો બધો ભાવવિભોર થઇ ગયો કે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો. (આજે પણ આ પત્ર મેં સાચવી રાખેલ છે.)

શું તે શક્ય નથી કે, પેલી સ્ત્રી–ભક્તને ત્રણ વર્ષ પહેલાં મા શારદાએ કયો મંત્ર આપેલ તે જાણવા તેઓ શ્રી રામકૃષ્ણદેવને પૂછવા માટે પૂજાના ઓરડામાં ગએલ તે જ રીતે પૂ. મા શ્રી સર્વેશ્વરીજીએ પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીદ્વારા જ મંત્ર મેળવ્યા હોય? અને હવે મા સર્વેશ્વરીમાં અને પ. પૂ. શ્રી યોગેશ્વરજીમાં કાંઇ ભેદ જ ક્યાં છે? માએ પોતે જ જાહેર કરી દીધું છે કે મારામાં અને યોગેશ્વરજીમાં કોઇ ભેદ નથી. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને જોવા હોય તો તે તમો મા સર્વેશ્વરીમાં જ જોઇ શકશો. આ રહી તેમણે લખેલ ભજનની પંક્તિઓઃ–

સર્વેશ્વરી યોગેશ્વરમાં રમે,
સદ્‌ગુરુ સર્વેશ્વરીમાં ફરે,
હવે શોધો અલગ તો ક્યાંથી મળે?

* * *

પ્રતિમામાંથી પ્રત્યક્ષ બનીને, સર્વેશ્વરીમાં સમાયો,
રોમ રોમમાં રાસ રમંતાં, યોગેશ્વર ત્યાં ફસાયો,

પ્રેમે પ્રગટે ગિરિધારી, ભક્તો વાત કરે ન્યારી.
જ્ઞાની, ભક્તો એને શોધે, ઘર, વન, મન મંદિરમાં,
જ્ઞાન, ભક્તિ, દીપક પ્રગટાવી, નિહાળો સર્વેશ્વરીમાં,
પ્રેમે પ્રગટે ગિરિધારી, ભક્તો વાત કરે ન્યારી.

## મા શારદાએ બીજા અનેકોને આપેલ મંત્રદીક્ષા

રસિકલાલ રાય દીક્ષા માટે આવ્યા ત્યારે માતાજીએ એના કુળના મંત્ર વિષે પૂછ્યું. રસિકલાલ જવાબ આપી ન શક્યા ત્યારે થોડી વાર મૌન રાખી તેઓ બોલ્યાં, "તમારા વંશનો આ મંત્ર છે." ને પછી એ જ મંત્રની દીક્ષા આપી. પાછળથી તપાસ કરતાં માતાજીની વાત સાચી નીકળી.

બાગદાના શશીભૂષણ મુખોપાધ્યાયે શક્તિમંત્ર માગ્યો હતો. તે વખતે માતાજીએ કહ્યું, "પણ દીકરા, તારી અંદર તો હું રામને જોઉં છું. તારા વંશના બધા શું રામના ઉપાસક છે? રામ અને શક્તિ તો અભિન્ન છે તો પછી રામમંત્ર લેવામાં શો વાંધો?" ને સાચે જ એના વંશના બધા જ રામના ઉપાસક હતા.

ઘણુંખરું એમ જોવામાં આવે છે કે એક વ્યક્તિના અને કુળના ધર્મસંસ્કાર સમાન હોય છે પણ કોઇ વાર કુળના દેવતાને ન માની કોઇ વ્યક્તિ સ્વેચ્છાથી બીજા દેવતાને ઇષ્ટ તરીકે સ્વીકારી બેસે છે. આવે વખતે માતાજીના સ્ફટિક જેવા સ્વચ્છ ચિત્તમાં જે સત્ય સ્ફુરતું તેના જ ઉપર તેઓ આધાર રાખતાં.

શારદાકિંકર રાયના પૂર્વજો શાક્ત હોવા છતાં તેમણે વૈષ્ણવધર્મ અંગીકાર કરેલ. માતાજીએ એમને શક્તિમંત્ર આપ્યો. ત્યારે એમના મનમાં જે સંદેહ જાગ્યો તે માતાજી સમજી ગયાં. માતાજીએ સાંજે તેમને કહ્યું, "મેં તને જે મંત્ર આપ્યો છે તે જ બરાબર છે."



કોઇક વાર માતાજી મંત્ર આપતાં પહેલાં શિષ્યોને એમની પસંદગી વિષે પૂછતાં, શિષ્યોની પસંદગી સાથે જો પોતાનો મત મળતો તો એ જ મંત્ર આપતાં. નહિ તો પોતાની ઇચ્છા પ્રમાણે આપતાં.

સુરેન્દ્રમોહન મુખરજીને પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું કે શિવના ખોળામાં બેઠેલાં મા કાલીનું સ્વરૂપ એમને ખૂબ ગમે છે. ત્યારે માતાજીએ કહ્યું કે, "દીકરા, શિવ વગર શું શક્તિ રહી શકે? તારો તો શક્તિમંત્ર છે." એમ કહી એને શક્તિમંત્ર આપ્યો હતો. દીક્ષા લીધા પછી સુરેન્દ્રમોહનને લાગ્યું કે જાણે એમના શરીરમાં વીજળીના પ્રવાહનો સંચાર થયો છે અને એમનું શરીર કંપવા લાગ્યું. તેથી એ મંત્રની સચ્ચાઇ વિષે એમને કોઇ પણ જાતનો સંદેહ રહ્યો નહિ.

કર્ણાટકુમાર ચૌધરીએ એક ગુરુ પાસે દીક્ષા લીધી હતી તોપણ એમના મનમાં શાંતિ ન હતી. આવી અવસ્થામાં સને ૧૯૧૪ માં વૃંદાવન જતાં પહેલાં એ એક વાર 'ઉદ્બોધન'માં માતાજીના દર્શન કરવા આવ્યા ત્યારે માતાજી પૂજામાં બેઠાં હતાં. કર્ણાટકુમારને બહારથી પ્રણામ કરતા જોઇ માતાજી આસન પરથી ઊઠયાં ને કહ્યું, "ચરણસ્પર્શ કરી પ્રણામ કર." માતાજીના કહેવા પ્રમાણે અંદર જઇ પ્રણામ કર્યા અને આશીર્વાદ માગ્યા ત્યારે માતાજી બોલ્યાં, "ગોવિંદ કૃપા કરશે." માતાજીના આશીર્વાદ મળવાથી એમને નવું બળ મળ્યું ને એ તીર્થદર્શન કરવા ગયા પણ એમના હૃદયમાં અશાંતિ અગાઉની માફક ચાલુ જ રહી.

એમની પત્નીના મૃત્યુ થયા પછી એમણે બીજી વાર લગ્ન કર્યું હતું. એ સ્ત્રીને ભૂત વળગ્યું તેથી પોતાના ગુરુ પાસે

કર્ણાટકુમારે એને દીક્ષા લેવડાવી હતી તોપણ વળગાડ જાય નહિ ને તેને પોતાને પણ શાંતિ મળી નહિ. તેથી સને ૧૯૧૬ માં બીજી વખત બંને જણ માતાજી પાસે આવ્યાં અને દીક્ષા લેવાની પોતે ઇચ્છા વ્યક્ત કરી. માતાજી સંમત થયાં પણ આ ખબર મળતાં ગુલાબમાએ વાંધો ઊઠાવ્યો તેથી ડરીને કર્ણાટકુમાર દીક્ષા લેવાને આગલે દિવસે પાછા માતાજી પાસે આવ્યા ત્યારે એમને અભય આપતાં એમણે કહ્યું, "મેં તને વચન આપ્યું છે."

દીક્ષા લેવાને દિવસે એની પત્નીને તાવ આવ્યો તોપણ ગંગાસ્નાન કરી એ લોકો માતાજીની પાસે આવ્યાં. પ્રથમ કર્ણાટકુમારની દીક્ષાવિધિ થઇ. પાસેના ઓરડામાં એની પત્ની તાવમાં કંપતી હતી. ગુલાબમા અને સુધીરાદેવી એની પાસે હતાં. ગુલાબમા જોરશોરથી બોલતાં હતાં, "પોતાના ગુરુનો ત્યાગ કર્યો છે. વળી મંત્ર પણ ભૂલી ગઇ છે ને હવે તાવ આવ્યો છે. આવા સંજોગોમાં દીક્ષા કેમ લેવાય?" માતાજી એની રાહ જોતાં હતાં. ગુલાબમાના શબ્દો એમને કાને પડયા ત્યારે ઊતાવળાં થઇ એમણે કહ્યું, "સુધીરા એને લઇ આવ." ત્યાર બાદ એને દીક્ષા આપી. તે પછી એની તબિયત સારી થઇ ગઇ!

(ક્રમશઃ)



# सा मां पातु सरस्वती

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

વર્ષોથી શાળાઓમાં બોલાવવામાં આવતા નીચેના શ્લોકથી આપણે સહુ પરિચિત છીએ કે–

या कुन्देन्दुतुषारहारधवला, या शुभ्रवस्त्रावृता,
या वीणावरदंडमंडितकरा, या श्वेत पद्मासना।
या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्, देवैः सदा वंदिता,
सा मां पातु सरस्वती भगवती, निःशेष जाड्यापहा॥

આ શ્લોકનો સામાન્ય અર્થ તો ઘણાખરા લોકો જાણે છે, પણ એનો ઊંડો રહસ્યમય અર્થ પણ જાણવા જેવો છે. વાચ્યાર્થની દૃષ્ટિએ જોઇએ તો આમાં સરસ્વતીદેવીનું વર્ણન છે, પણ એનો ઊંડો અર્થ જોઇએ તો વિદ્યા કેવી હોવી જોઇએ તે સરસ રીતે સમજાવવામાં આવ્યું છે.

વિદ્યા ધવલા અર્થાત્ શ્વેત અર્થાત્ સાત્ત્વિક હોવી જોઇએ. તામસી વિદ્યા માત્ર મનુષ્યના સ્વાર્થ માટેની અથવા સામી વ્યક્તિનો નાશ કરવા માટેની હોય. રાજસી વિદ્યા ગુજરાન માટેની, પ્રતિષ્ઠા માટેની તથા સત્તા પ્રાપ્ત કરવા માટેની હોય પણ સાત્ત્વિક, શ્વેત, ધવલા વિદ્યા એવા આચાર માટેની હોય કે જેનાથી પરમાત્મા પ્રસન્ન થાય, મનમાં સાત્ત્વિક પ્રસન્નતા પ્રગટે.

વિદ્યા કુંદ, ઇન્દુ (ચંદ્ર) તથા તુષાર (બરફ) ના હાર જેવી હોય. વિદ્યા કુંદ જેવી અર્થાત્ કોમળ હોય. વિદ્યાથી મનુષ્યમાં કોમળતા પ્રગટવી જોઇએ.

વિદ્યા ચંદ્ર જેવી હોવી જોઇએ. અર્થાત્ ચંદ્રની માફક સંતપ્ત મનુષ્યોને ઠંડક આપે તેવી હોવી જોઇએ. ચંદ્ર ઔષધિનાથ તરીકે વનસ્પતિને પોષણ આપે છે, એમ વિદ્યા સહુને પોષણ આપનારી હોવી જોઇએ.

વિદ્યા બરફ જેવી અર્થાત્ પારદર્શક હોવી જોઇએ. વિદ્યા જેની પાસે હોય તે નિખાલસ હોવો જોઇએ. જે હૈયે તેવું રાખી ન શકે તેને સાચી વિદ્યા પ્રાપ્ત થઇ શકે નહિ.

સરસ્વતી દેવી શુભ્ર—શ્વેત વસ્ત્રો ધારણ કરે છે. જેમાં શુભ સમાયેલ હોય તે શુભ્ર કહેવાય, શ્વેત કહેવાય. આવી રીતે વિદ્યાની આસપાસનું વાતાવરણ પણ સાત્ત્વિક હોવું જોઇએ. વસ્ત્ર વગરની સ્ત્રી જેમ શોભતી નથી, તેમ વાસ્તવિક વાતાવરણ આસપાસ ન હોય તો વિદ્યા પણ શોભતી નથી.

સરસ્વતી દેવીનો હાથ શોભે છે શેનાથી? વીણાના ઉત્તમ દંડથી. વિદ્યા કેવી હોવી જોઇએ. જેની પાસે વિદ્યા હોય એની વાણી મધુર સંગીત જેવી હોવી જોઇએ. જેનામાં મધુર વાણી ન હોય તે સાચો વિદ્વાન કહેવાય જ નહીં.

સરસ્વતી દેવીનું આસન શ્વેતકમળ છે. કમળ કાદવમાં ઊગે છતાં કેટલું સુંદર હોય છે? વિદ્યા લેનાર ગમે તેવા નીચલા વર્ગ-માંથી આવતો હોય પણ જો તે વિદ્યાની સાધના કરે તો ભારે પ્રતિષ્ઠા પામી શકે. આથી જ કહ્યું છે કે ક્રિયાસિદ્ધિઃ સત્ત્વે ભવતિ, મહતાં નોપકરણે. અર્થાત્ સત્ત્વ હોય તો ક્રિયાસિદ્ધિ થાય પણ માત્ર સાધનોથી ક્રિયાસિદ્ધિ થતી નથી. સરસ્વતીની હળવાશ પણ કેવી છે! કમળ ઉપર આસન જમાવે તોય કમળને કંઇ ન થાય. જીવનમાં આવી હળવાશ અનુભવે તે જ વિદ્યા પામી શકે.



સરસ્વતી દેવીને બ્રહ્મા, વિષ્ણુ, શંકર આદિ દેવો સદાય વંદન કરે છે. આ બ્રહ્મા એટલે સર્જનાત્મક શક્તિ, વિષ્ણુ એટલે પાલનશક્તિ. અને શિવજી એટલે અનિષ્ટના સંહારની શક્તિ. સર્જનશક્તિ એટલે કલાની શક્તિ. જેની પાસે વિદ્યા હોય તે વિદ્યાની સહાયથી સર્જનાત્મક પ્રવૃત્તિ કરે તો જ તેની વિદ્યા સાર્થક થાય.

આવી જ રીતે જે મનુષ્ય વિદ્યાનો ઉપયોગ સહુ કોઇનું પાલન થાય એમ વાપરે તો તેની વિદ્યા સાર્થક થાય.

સરસ્વતીને અન્ય દેવો પણ નમે છે. જેની પાસે દૈવી ગુણો હોય એવા મનુષ્યો પણ વિદ્યા ધરાવનારને નમસ્કાર કરે છે. જેમાં બોલીને—વદીને નમસ્કાર કરવામાં આવે તે વંદન કહેવાય. દેવો પણ સરસ્વતીનાં દર્શન કરી ભાવપૂર્વક શબ્દાંજલિ આપીને વંદન કરે છે એમ જેની પાસે વિદ્યા હોય તેની પ્રશંસા કરીને લોકો તેને માન આપે છે, પ્રસન્ન કરે છે.

સરસ્વતી દેવીને સહુ સદાય વંદન કરે છે. વિદ્યાવાન સદાય એવો માનપાત્ર રહે છે.

સરસ્વતી દેવી આળસનો પૂરેપૂરો નાશ કરે છે. જે વિદ્યાની આરાધના કરે તેનામાં કોઇ પણ પ્રકારની આળસ હોઇ શકે જ નહીં, જરાય આળસ હોઇ શકે નહીં.

સરસ્વતી દેવી સહુનું રક્ષણ કરે છે. વિદ્યા પણ રક્ષણ કરવા માટેની હોય તો જ તે વિદ્યા કહેવાય. વિદ્યા શબ્દનો અર્થ પણ 'જે જાણવા જેવું જ્ઞાન છે તે' એવો થાય છે.

સરસ્વતી કુંવારી છે. એનો કોઇ સ્વામી નથી. આમ વિદ્યા ઉપર પણ કોઇનો ઇજારો નથી. કોઇ પણ વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. વિદ્યા ઉપર સહુ કોઇનો અધિકાર છે.

વિદ્યાની સખી તે શિવજીનાં પત્ની ઉમા છે જે શક્તિસ્વરૂપ

છે, સૌન્દર્યલહરી છે. એટલે વિદ્યા શક્તિ આપે છે. સૌન્દર્યની ઉપાસના કરવાનું શીખવે છે. જ્યાં સરસ્વતી હોય ત્યાં લક્ષ્મી રહેતી નથી. એવી કલ્પના છે. અર્થાત્ વિદ્યાનો હેતુ માત્ર ધનસંચય કરવાનો નથી. વિદ્યાને જે વિલાસનું સાધન બનાવે તેની અપકીર્તિ થાય છે એ દર્શાવવા બ્રહ્માએ પોતાની પુત્રી સરસ્વતી પાછળ પડવા જતાં એક મસ્તક ગુમાવ્યું તેની કથા રચવામાં આવી છે.

આવાં સરસ્વતી દેવી વિદ્યા આપણું રક્ષણ કરે એમાં શી નવાઇ?

**સુવાક્ય**

સંસારની પ્રત્યેક વસ્તુ પરમાત્મામય છે. કોઇ પણ વસ્તુ કે વ્યક્તિમાં પરમાત્માની ઝાંખી કરીને તેમની સાથે સંબંધ બાંધો એટલે તમારો બેડો પાર થઇ જશે. તમારું જીવન પરમાત્મામય થઇ જશે.

યોગેશ્વરજી

**ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્સ : (૯૧) ૦૨૬૩૫૩-૨૪૫૯/૨૦૬૭



# સર્વેશ્વરી તીર્થનો પ્રથમ પાટોત્સવ

**તંત્રી**

તા. ૨૮ નવેમ્બર, ૧૯૯૫ એટલે રાજકોટના જે. કે. મા–વાળા (પટેલ) પરિવારે શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક સંસ્થાપેલ શ્રી સર્વેશ્વરી તીર્થનો પ્રથમ પાટોત્સવ. આ મંગલ પર્વનિમિત્તે સમગ્ર યોગેશ્વર પરિવારનાં સાધક ભાઇબહેનોને જાહેર નિમંત્રણ પાઠવેલ. તેના પ્રત્યુત્તરમાં ગુજરાતભરમાંથી તેમ જ મુંબઇથી સારી એવી સંખ્યામાં સાધક ભાઇબહેનો પધારેલ. આગલા દિવસથી જ આવનાર સાધકો માટે ઉતારા, ભોજન તેમ જ સત્સંગની વ્યવસ્થા, નિમંત્રક પરિવારે સારી રીતે કરી રાખેલ.

રાત્રિ ભોજન બાદ સત્સંગની બેઠકમાં ત્રણ વક્તાઓએ પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષે જે વાતો કરી તે ખૂબ અદ્ભુત કહેવાય એવી હતી. તે ઉપરથી પ્રતીત થતું હતું કે પૂ. મા ભલે મૌનમાં હોય કે વિદેશમાં હોય, પરંતુ તેઓની સંકલ્પશક્તિ ન કલ્પી શકાય તેવી રીતે સક્રિય બની સૂક્ષ્મ સ્તર પર કામ કરી રહી છે.

પૂ. માનો મહિમા તેઓની અનુપસ્થિતિમાં પણ કેવો પ્રસરતો રહે છે, તેના પ્રસંગો શ્રી મનોજભાઇ કાછિયા કે જેઓ વલ્લભ-વિદ્યાનગરની એન્જિ. કોલેજમાં લેક્ચરર છે, તેઓએ કહ્યા.

તેઓએ કહ્યું કે હું મારા સહકર્મચારી મિત્રને પૂ. મા વિષેની વાતો વારંવાર કહ્યા કરતો; પરંતુ તેમને પૂ. માને પ્રત્યક્ષ જોયા વિના વિશ્વાસ થોડો બેસે? તેથી તેમને તે હાસ્યાપદ લાગતી. તેમાં એકવાર અમારે સહુને મુંબઇ ટ્રેઇનીંગમાં જવાનું થયું. ત્યાં પરાંઓની ગાડીમાં ધક્કામુક્કીમાં ચઢતાં પેલા મિત્રની કિંમતી કાંડા ઘડિયાળ નીચે પડી ગઇ! પરંતુ ગીરદી એટલી બધી કે માથું નીચું

કરી જોવાય એવું હતું નહિ. આખરે ચાર છ સ્ટેશનો પછી ગીરદી થોડી ઓછી થતાં પેલા મિત્રનો ખિન્ન ચહેરો જોતાં–કારણ પૂછ્યું. તો તેમણે પોતાની કાંડા ઘડિયાળ પડી ગયાની વાત કરી. શ્રી મનોજભાઈએ સહજભાવે કહી દીધું, 'અરે, ચિન્તા કર્યા વગર પૂ. માને યાદ કરો. તે લાવી આપશે.' પેલા મિત્રને આટલી ખિન્નતા વચ્ચેય આવી વાત સાંભળી હસવું આવ્યું. પરંતુ થોડીવાર પછી શ્રી મનોજભાઈને તે મિત્રના બે પગો વચ્ચે કંઈ ચળકતું પડેલું જણાયું. નીચા નમીને જોયું તો તે તેમનું જ ઘડિયાળ હતું! આમ અચાનક ઘડિયાળ તો મળી ગયું, પરંતુ અનેક માણસોના પગતળે દબાયેલું એ ઘડિયાળ થોડું સાજું રહ્યું હોય? કિન્તુ શ્રી મનોજભાઈએ તેને કાને ધરી તપાસી જોવા કહ્યું તો બન્નેના આશ્ચર્ય વચ્ચે તે ચાલતું હતું! અનેક પગો નીચે કચડાયા છતાં તદ્દન સુરક્ષિત તે શી રીતે રહી શક્યું તે કોયડારૂપ બની ગયું. તેનો બુદ્ધિયુક્ત કોઈ પ્રત્યુત્તર ન મળતાં–શ્રદ્ધાપૂર્વક પૂ. માની કૃપાનો તે મિત્રે સ્વીકાર કરી લીધો. પૂ. માનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો, અને પૂ. મામાં શ્રદ્ધા ધરાવતા થયા.

આવો જ બીજો પ્રસંગ શ્રી મનોજભાઈએ પોતાના નાના ભાઈની પત્નીનો કહ્યો. તે બેનને કોઠે રતવા. એટલે તે બેનનાં બે બાળકો જન્મતાં જ ગુજરી ગયેલાં. પછી ત્રીજી વારની સગર્ભા અવસ્થા વખતે પણ ડોક્ટરે કહ્યું, 'બંને જીવ બચી શકે તેમ નથી. એટલે મોટાજીવને (એટલે કે તે બેનને) બચાવીએ.' પરિવારના બધા સભ્યો તે સાથે સમ્મત થયા. તે બેન પણ લાચાર હતી. પરંતુ તેને પૂ. મામાં શ્રદ્ધા હતી કે પૂ. મા તેના બાળકની રક્ષા કરશે. તેને જ્યારે ઓપરેશનના ટેબલ પર લેવામાં આવી ત્યારે તે બેને પોતાના હાથમાં પૂ. માનું લૉકેટ રાખેલું. ડોક્ટરોએ મના કરવા છતાં તેણે તે લૉકેટ પકડી રાખ્યું, કારણ કે તેની શ્રદ્ધા હતી કે પૂ. મા તેની અને તેના બાળકની રક્ષા કરશે.



અને ડોક્ટરોના આશ્ચર્ય વચ્ચે બાળક અને માતા બન્ને જીવી ગયાં! બાળક તંદુરસ્ત હતું. આ ખરે જ મોટો ચમત્કાર જ કહી શકાય. ભાન આવતાં તે બેને પૂ. માની આવી કૃપા બદલ મનોમન ખૂબ આભાર માન્યો.

શ્રી મનોજભાઈએ ત્રીજી ઘટના એ કહી કે તેઓના નાના ભાઈનાં સાસુને પથરીનો દુઃખાવો રહેતો. તપાસ કરાવતાં ખબર પડી કે એક બે નહિ પરંતુ નાની મોટી ૪૯ જેટલી પથરીઓ છે. આ સાંભળતાં જ તેઓ ગભરાઈ ગયાં. ડોક્ટરોએ કહ્યું કે આ માટેનું ઓપરેશન મુશ્કેલ છે. ડૂબતો માણસ જેમ તરણાનોય સહારો લે, તેમ તેઓના શ્રદ્ધાળુ દિલે પોતાની પુત્રીના સુવાવડના પ્રસંગમાંથી પ્રેરણા લઈ, પૂ. માને પ્રાર્થના કરવા માંડી. ધીરે ધીરે તેમને દુઃખાવો ઓછો થતો ગયો અને થોડા મહિનાઓ પછીની તપાસમાં, પથરીઓ જણાઈ નહિ. આ ત્રણે વ્યક્તિઓએ પૂ. માને પ્રત્યક્ષ જોયાં નથી. છતાં તેમની શ્રદ્ધાએ જ કામ કર્યું છે, એમ સ્વીકારવું પડે.

આ પ્રસંગે શ્રી મોહનભાઈ પટેલે પોતાના જીવનમાં પૂ. મા સર્વેશ્વરીના પ્રવેશ પછી પોતાની આધ્યાત્મિક પ્રગતિ કેવી ઝડપી બની છે તેની વાતો કહી ઉમેર્યું કે પૂ. મા હાલ એકાંત સેવી સતત જપ કરી રહ્યાં છે. તો તેઓના જન્મદિવસના નિમિત્તે ૐ માના સવા લાખ જપ એક દિવસમાં જ કરવાનો તેમનો સંકલ્પ પૂ. માએ શક્તિ ધરી કેવી અદ્‌ભુત રીતે પૂરો કરાવ્યો તે કહ્યું.

છેલ્લે શ્રી વિજયભાઈ પંડિતે પૂ. માની દિવ્ય દૃષ્ટિ કેવી છે, તે અંગેના પોતાના અનુભવો વર્ણવી સાચા દિલના ભાવો પૂ. માને કેવા તુરંત પહોંચે છે તે વર્ણવ્યું. તેઓ એકવાર પૂ. માની આજ્ઞાથી પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીએ લખેલ પુસ્તક, "મા સર્વેશ્વરી–એક પરિચય" પુસ્તકની નકલ ઉતારી રહ્યા હતા. ત્યારે પૂ. મા પણ તે સ્થાનમાં જ વિરાજતાં હતાં. પરંતુ તેઓ પૂ. માના દર્શન પામતા

નહિ. તેથી હૃદયમાં દુ:ખ થતું. તો બીજા જ દિવસે પૂ. મા તેમના લેખનરૂમમાં પધારી તેઓની લાક્ષણિક ઢબે પોતાનું સ્વરૂપ ધરતાં બોલ્યાં, "લે પંડિત, આની સાથે વાતો કર્યા કરજે." તો બીજા એક પ્રસંગે પૂ. મા બીજાઓને આશીર્વાદ આપે છે અને તેમને તો તેવો લહાવો કંઇ મળ્યો નથી એવો અસંતોષ મનમાં જાગ્યો. તો પૂ. માએ તુરત જ પોતાના ઓરડામાં બોલાવી, પૂછવા માંડ્યું, "બોલો પંડિત, શું જોઇએ છે? આજે માગી લો." પંડિતજી પૂ. માની આવી અણધારી કૃપાથી ભાવવિભોર બની ગયા અને ત્રણચારવાર ભારપૂર્વક પૂછવા છતાં, "હે મા, આપની કૃપા સિવાય બીજું કશું જોઇતું નથી," એમ કહેતા રહ્યા. તે સાંભળી પૂ. માને ઘણી પ્રસન્નતા થઇ અને તે વ્યક્ત કરતાં તેઓ બોલ્યાં, "પંડિત, આજે તમે જે કંઇ માગ્યું હોત, તે મળત. પરંતુ કશું જ ન માગનારને ભગવાન સર્વ કાંઇ આપી દે છે." શ્રી પંડિતજીની બીજી વાતો પણ ખૂબ શ્રદ્ધાપ્રેરક હતી.

શ્રી વિજયભાઇ પંડિત એક પવિત્ર શ્રદ્ધાળુ ભાવમય પુરુષ છે. તેઓના પ્રસંગો સાંભળી પૂ. માની સમર્થતાનો ખ્યાલ ભક્તોને આવ્યો.

પાટોત્સવનો પ્રારંભ ગુરુપૂજન અને યજ્ઞથી થયો. જે. કે.નો પરિવાર અને પુરોહિત એવા ભાવમય થઇ પૂજન કરતાં હતાં કે પૂ. મા ભલે ભારતની ધરતી પર ન હોય, પરંતુ તેઓએ આ પૂજન સ્વીકારવા સૂક્ષ્મ સ્વરૂપે પણ આવવું પડે. સમગ્ર વાતાવરણ એવું ભાવમય અને મા–મય બની ગયું હતું.

પૂજાવિધિ પછીની બેઠક શ્રી દમયંતીબેન ભક્તની 'અશરણ શરણ તમે છો સાચા'–શબ્દોવાળી પ્રાર્થનાથી થઇ.

પ્રથમ વક્તા હતા શ્રી કલ્યાણ, કે જેમનું સમગ્ર જીવન મા–મય અને જેઓનાં એક માત્ર આરાધ્યા પૂ મા જ. તેઓએ કહ્યું કે આપણે પૂ. માના સાચા સ્વરૂપને ઓળખતા નથી. દૂબળા



પાતળા દેખાતા આ શરીરમાં કેવી દિવ્યતા અને અગાધ શક્તિ છૂપાયેલી છે, તેની થોડી ઝાંખી ગઇકાલના વક્તાઓના વાર્તાલાપોમાંથી થઇ. રામાયણ અને મહાભારતનાં પાત્રો તો ભૂતકાળનાં છે; પરંતુ પૂ. માનું જીવન–તેમનું તપ, તિતિક્ષા, તેજસ્વીતા, ગુરુભક્તિ અને પ્રભુ માટેનું સર્વ સમર્પણ આપણી આંખો સામે દેખાય છે. તે સમજીએ. વળી આ તીર્થની સ્થાપના પ્રસંગે પૂ. માએ આપેલા આશીર્વાદ યાદ રાખીએ. તેઓએ કહ્યું જ છે કે "જે કોઇ આ સ્થાનમાં જે જે ભાવ લઇને આવશે, તેમના તે તે ભાવ અમે પૂર્ણ કરીશું. એવી છે આ તીર્થની મહત્તા."

શ્રીમતી જ્યોત્સ્નાબહેન ત્રિવેદીએ માનું લીલાતનુ એ ભાગવતી શણગાર છે. સ્થૂળ દેહમાં અનેક દિવ્યતાઓ છૂપાયેલી છે. તેના વિરાટપણાને ઓળખીએ. શ્રીમદ ભાગવતમાં ભક્ત ચરિત્રો અને પ્રભુની લીલાઓનું દર્શન થાય છે. તો આપણે અતીતના પ્રેમી ન બનતાં, વર્તમાનમાં આપણી વચ્ચે જે લીલાઓ રચાય છે તેને જાણીએ અને માણીએ.

ગત વર્ષનું સ્મરણ તાજું કરતાં જણાવ્યું હતું કે મૂર્તિ–પ્રતિષ્ઠા વખતે આપણે ત્યાં અરીસો ધરવાની પ્રથા છે. અને પછી એ કાચના ટુકડા થઇ જાય છે તો પ્રતિમામાં પ્રાણ પ્રતિષ્ઠિત થયો એમ મનાય છે. ગયે વર્ષે જ્યારે આ પ્રસંગ હતો, ત્યારે આ પ્રતિમાનો પ્રાણ પોતે જ હાજર હતો અને તેની એવી ક્ષમતા કે કાચ તો તૂટી જાય, અરે, વચ્ચે દિવાલ પણ આવે તો પણ તૂટી જાય. ભક્ત અને ભગવાનની વચ્ચે જે અહંકારની દિવાલ છે, તે તૂટી જાય તો જીવન કેવું બની જાય!

મન બદલાઇ જાય તો જીવન બદલાઇ જાય. શ્રી શ્રી માએ હરદ્વારમાં જણાવ્યું હતું તે પ્રમાણે મન બદલવાની જ જરૂર છે. આપો આપ સર્વ કોઇ બદલાઇ જ જશે.

ત્યારબાદ ભાગવતાચાર્ય શ્રી જનાર્દનભાઇ દવેએ ખૂબ

પ્રભાવશાળી વક્તવ્ય આપતાં કહ્યું કે અવતારી પુરુષોનાં ચરણોમાં જ માલુમ પડતું કુંભનું ચિહ્ન પૂ. માએ પોતાના ચરણમાં મને દર્શાવ્યું હતું.

વળી પૂ. માના ઈશ્વરીય અવતારીપણાને શાસ્ત્રોના પ્રમાણો આપી પ્રમાણિત કરતાં કહ્યું કે ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તો સ્વયં બ્રહ્મ હતા, જે હંમેશા સ્થિર અને કૂટસ્થ હોય. જ્યારે લીલા તો મા ભગવતી જ કરે; જે પૂ. મા આજે કરી રહ્યાં છે.

પૂ. મા જેવાં સમર્થ શક્તિશાળી વ્યક્તિને પ્રકટાવવાની પાત્રતા કપૂરામાં જ હોય—પછી શ્રી રાધાનું ઉદાહરણ આપતાં કહ્યું કે નંદ-દરબારમાં રાધાને નવવધૂ તરીકે આવનાર વ્યક્તિઓને તેઓના પાત્રોમાં ગોરસ ભરી આપવાનું કામ સોંપાયેલું પરંતુ મા રાધા જોતાં કે કેટલાક લોકો પાસે ગોરસ લેવાનું કોઈ પાત્ર ન હોવાથી તેઓ ગોરસથી વંચિત રહી જાય છે. તેથી રાધાને આ ખટકતું. એટલે પોતાના પિતાને ખાલી પાત્રો મોકલાવવા વિનંતી કરી. તે પછી તેઓ સર્વને ગોરસ આપી પ્રસન્નતા અનુભવતાં. એ જ રીતે પૂ. મા પણ પોતાની કૃપા આપતી વખતે પાત્રહીનને પણ પાત્રતા આપે છે, જેથી આપેલી કૃપા તે વ્યક્તિમાં ઠરે.

અન્તમાં કેનોપનિષદમાં આવતી ઉમા હેમાવતીની આખ્યા-યિકા એ જ આજના યુગમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી. બ્રહ્મલોકમાં રહેનારાં એ જ આ લોકની મા સર્વેશ્વરી એટલે એમનું શરણું લઈ આપણું જીવન સાર્થક કરીએ.

પાલનપુરના શ્રી વિજયભાઈ પુરોહિત (પૂ. બાપજી) પણ આ સમારંભમાં આવ્યા. તેઓએ કહ્યું કે તેઓનું આવવાનું નક્કી ન હતું. પરંતુ પૂ. માએ સ્વપ્નમાં આદેશ આપતાં તેઓ આવ્યા છે, ત્યાં એકાંતમાં શાન્તિ હતી, તો અહીં પ્રવેશતાં જ એક પ્રકારના આનંદની તેમ જ પૂ. માના પ્રેમની અનુભૂતિ થઈ રહી છે.

તે પછી તેઓએ પૂ. માની આજ્ઞા પ્રમાણે ત્રિકાળજ્ઞ પૂ. શ્રી



ઉડિયા બાબાને હરિયાણા મળવા ગયેલા. તેઓ સાથેની વાત-ચીતમાં પૂછેલું કે શું અમારા ગુરુદેવ પૂ. યોગેશ્વરજી ફરી આ પૃથ્વી ઉપર પધારશે? તેનો જવાબ તેઓએ 'હા'માં આપેલ. આથી બીજો પ્રશ્ન ક્યાં અને ક્યારે પધારશે તે પૂછ્યો, તો તે મહાપુરુષે કહ્યું તે કહેવાનો આદેશ નથી. તો વળી ત્રીજો પ્રશ્ન એવો પૂછ્યો કે જ્યારે તેઓ આ પૃથ્વી પર પ્રકટશે, ત્યારે અમે શું તેઓને, અને તેઓશ્રી અમને ઓળખી કાઢશે? આનો પ્રત્યુત્તર તેઓએ 'હા' માં આપેલ. બીજી વાતો પણ થઈ પરંતુ તેઓએ જણાવ્યું કે ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ તમારી શ્રદ્ધા તમારા પૂ. મા માંથી ન ડગે, તે જોજો. તમારી સાધનાનું કેન્દ્રબિંદુ તમારાં ગુરુદેવ તેમ જ મા જ રહેશે તો તમારી આધ્યાત્મિક પ્રગતિ અવશ્ય થતી રહેશે.

ત્યારબાદ પૂ. માનાં નિકટતમ સહવાસી શ્રી મંજુલાબેન ભાવસારે શ્રી જે. કે.ના પૂ. મા પ્રત્યે નિરંતર વહેતા ભાવોનો પડઘો પૂ. માના વ્યવહારમાં કેવો પડતો તેના પ્રસંગો વર્ણવ્યા હતા.

હરિદ્વારમાં પૂ. માને પણ શ્રી જે. કે. માટે કેવું સતત ખેંચાણ રહેતું અને તેથી પોતા તરફથી શ્રી જે. કે.ને પૂ. મા પ્રસાદ મોકલતાં રહેતા. આ પરસ્પરનો ભાવ વિનિયોગ જોઈ સાનંદ આશ્ચર્ય થતું.

શ્રી નારાયણ જાનીએ જણાવ્યું હતું કે શ્રી જે. કે. એક એવી વ્યક્તિ જોયા કે જેમનામાં પૂ. મા માં શ્રદ્ધા જાગ્યા પછી તેમને માટે બધા જ સંતો અને દેવ-દેવીઓ પૂ. મામાં જ સમાઈ ગયા. આ ભાવ એક પતિવ્રતા સ્ત્રી જેવો લાગે. બે વર્ષ પહેલાં શ્રી જે. કે. પૂ. માને ખાસ ઓળખતા પણ ન હતા, છતાં આટલા બધા ટૂંકા ગાળામાં તેઓના ઉત્કટ-ભાવ-ભક્તિથી પૂ. મા-પ્રભુના તેઓ એક અગ્રગણ્ય ભક્ત બની ગયા છે. વળી તેઓનો સમગ્ર

પરિવાર આજે તો મા-મય બની ગયો છે. જાણે કે તેઓ સર્વે નવો અવતાર પામ્યાં છે.

શ્રી રેવાશંકરભાઇ પુરોહિતે પણ આપણે જેવા હોઇએ તેવા પૂ. માને સમર્પિત થઇ જઇએ તો પૂ. મા આપણો સ્વીકાર કરે જ, કારણ કે તેઓ ખરે જ સાચા ભક્તોની માવડી છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેન્દ્રભાઇ જાનીએ કુશળતાપૂર્વક કર્યું હતું.

શ્રી જે. કે. પરિવાર તરફથી ઉપસ્થિત સર્વે સાધકો માટે સરસ ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો.

**સુવાક્ય**

પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી દુર્ગતિ થતી નથી. — યોગેશ્વરજી

**રાંજણ, સર્ટિકા, સાઇટીકા**

હાથે, પગે, વેદનાયુક્ત ફાટ ચાલવી તથા કમ્મરના દુ:ખાવા માટેની દવા માટે મળો યા લખો. એક વખત દવા ખાધા પછી, આ રોગ જીવનમાં ફરી થતો નથી.

કોર્ષ:-૧૦-૧૨ વીક. નોંધ:-ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.

**દુર્લભભાઇ પરસોત્તમભાઇ ભક્ત (સ્યાદલા)**
**બચુભાઇ ગોરધનભાઇ ભક્ત (કપૂરા)**

મુ. પો. સ્યાદલા, વાયા : મઢી, જિ. સુરત--૩૯૪૩૪૦



## તવ સ્પર્શે

રોડાં-પથ્થરથી ઇમારત મહા સ્થાપત્યકારો રચે,
પાષાણો ધરતાં સ્વરૂપ, કસબી શિલ્પી તણા ટાંકણે,
કેવાં ચિત્રક રંગરેખ નમણાં રંગાવલીથી રચે!
પોઢેલાં શમણાં ઊઠે ઝબૂકતાં સંગીતના જાદુએ.

કાન્તા શી ઉર ભાવતી, જનની શી હૈયે અમી સીંચતી.
આશા-મંગળ કૈં ધરી ઉર મહીં બ્હેની સમી રાચતી,
મોંઘેરી કવિ કેરી કો સુકવિતા સૃષ્ટિ નવી સર્જતી,
વ્હેતી સર્જનની સુરમ્ય સરિતા કૈં કૈં વળાંકે અહીં.

કિન્તુ કોણ પણે ગિરિ મહીં, દે રૂપ શૃંગે નવાં!
કોણે આભ તણા પટે લલિત કૈં રંગોળી રૂડી રચી?
પ્રેરી નર્તન કોણ ગીત ભરતું સ્રોતસ્વિનીના ઉરે?
માતેલા મન-મોરના શબદમાં કોણે કવિતા ભરી?

કોરી છે મમ આ કિતાબ ઉરની ચર્ણે ધરું હે પિતા!
દોને અક્ષર બે લખી, મુજ બને શી વાણી સત્યાન્વિતા!

— કનૈયાલાલ જોશી

## ઓ ભવવનના વનમાળી !

મને ભક્તિ દોને પ્યારી !
રસના રસિક થૈને સંતત
રટયા કરે તુજ નામ
હિંસા છોડી હાથ સદાયે
કર્યા કરે તુજ કામ
એવી શક્તિ દો ગિરિધારી !
ઓ ભવવનના વનમાળી ! ૧

ચિત આસક્ત બની નિત તારું
ચિંતન કરે જીવનમાં
ગીત–સંગીતના મોહક સુર સૌ
સુણ્યા કરું રે શ્રવણમાં
એવી કૃપા કરી દો ન્યારી !
ઓ ભવવનના વનમાળી ! ૨

આંખ મીચું તો નીરખું સપનાં
ઊઘાડું તો દર્શન પ્યારાં
રગ રગ મસ્તી ચઢે અમલની
ભવજલ લાગે ખારાં
એવી દયા કરી દો નિરાળી !
ઓ ભવવનના વનમાળી ! ૩

— પરમાર્થી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી
(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'તું એને દુર્ભાગ્ય કહેતો હોય તો ભલે, પરંતુ એ દુર્ભાગ્ય મને ગમે છે. તારી બુદ્ધિ જડ તેમ જ મોહાંધ હોવાથી તું સદ્‌ભાગ્ય ને દુર્ભાગ્ય વચ્ચેનો ભેદ નથી સમજી શકતો. જે સદ્‌ભાગ્ય છે તે જ તને દુર્ભાગ્ય લાગે છે, પરંતુ તારા પોતાના દુર્ભાગ્યને નથી સમજી શકતો. મારાં મર્મભેદક વચનોની અસર પણ તારા પર જરા પણ નથી થતી. બીજો કોઈ પુરુષ હોત તો મારા શબ્દો સાંભળીને ઊભો ને ઊભો જ સળગી જાત, પરંતુ તું નફ્ફટ છે. એટલે તો મારી આગળ અવારનવાર આવીને એની એ વાત કહ્યા કરે છે.'

'હું નફ્ફટ છું એવું લાગતું હશે, પણ એની પાછળ મારો તારે માટેનો અપાર પ્રેમ રહેલો છે એ તું ભૂલી જાય છે. તું મારા પર રોષે ભરાઇને જેમ ફાવે તેમ બોલે છે છતાં પણ તારા શબ્દો મને સુધાસભર અને મીઠા લાગે છે. એમને સાંભળતાં હું થાકતો નથી તથા મને કોઈ જાતનો કંટાળો પણ નથી આવતો. એમ થાય છે કે, તું બોલ્યા કર અને હું સાંભળ્યા જ કરું. સીતા, તું ગમે તેમ કર તોપણ તને નહિ છોડું. રામનું હવે મૃત્યુ થયું છે એમ જ માની લે. એ તને કદાપિ નહિ મળી શકે. તને મુક્ત કરાવવા માટે મંદોદરીએ અનશનનો આરંભ કર્યો છે, પરંતુ એથી શું? એ અનશન કરીને મરી જશે તોપણ મને ચલાયમાન નહિ કરી શકે.

મારી બુદ્ધિ, વૃત્તિ કે પ્રીતિમાં ફેરફાર નહિ કરાવી શકે.'

સીતાના દિલને જાણે કે ધક્કો વાગ્યો. એણે પીડાપૂર્વક પૂછ્યું : 'મંદોદરીએ અનશનનો આરંભ કરી દીધો?'

'હા. કરી દીધો.'

'ક્યારથી?'

'છેલ્લા ત્રણેક દિવસથી.'

'એ તો ઘણું જ ખોટું થયું. એના જેવી સમજુ સતી સ્ત્રીને એવું કષ્ટ વેઠવું પડે...'

'એ કષ્ટ એ તારી હમદર્દીમાં પોતાની મેળે જ વેઠી રહી છે. એ કાંઇ મેં નથી નાંખ્યું. તું સમજી જા અને મારી થા તો કોઇના કષ્ટને માટે કશું કારણ જ નહિ રહે. લંકાની સામ્રાજ્ઞી બનાવીને હું તને કૃતાર્થ કરીશ. રામે તો તને વનમાં રઝળતી કરી, પરંતુ હું તને મારા હૃદયની રાણી અથવા જીવનની સ્વામિની બનાવીને તારા જીવનને સ્વર્ગસુખ કરતાં યે વધારે સુખથી સુશોભિત કરીશ. મને દુઃખ માત્ર એક જ વાતનું થાય છે કે, મારા આટલા બધા સ્પષ્ટીકરણ છતાં તું તારા સાચા સ્વાર્થને નથી સમજતી.'

સીતા જમીન તરફ દૃષ્ટિ ઢાળીને બોલી : 'હું તો મારા સાચા સ્વાર્થને બરાબર સમજું છું. એ સંબંધી મને લગાર પણ શંકા નથી. પરંતુ અફસોસ અને દુઃખની વાત છે કે, તું તારા સ્વાર્થને નથી સમજતો, એટલે જેમ ફાવે તેમ પ્રલાપ કર્યા કરે છે. હજુ પણ તારા સ્વાર્થને સિદ્ધ કરવાનું તારા હાથમાં છે. તારું સાચું હિત સાધવું હોય તો હજુ મને છોડી દે. રામ તારા જેવા કાયર નથી પણ વીર છે. એ તારો અક્ષમ્ય અપરાધ પણ માફ કરશે તથા



તને જીવનદાન આપવાની સાથે સાથે અભયદાન દેશે.'

'સીતા!' રાવણ જરા ધૂંધવાઇને બોલી ઊઠયો : 'તું આંખ મીંચીને મારી ભલમનસાઇનો ખોટો લાભ લઇને વધારે પડતું બોલી રહી છે. રામની અંદર મને અભયદાન કે જીવનદાન આપવાની શક્તિ છે જ ક્યાં? હા, હું એમને અભયદાન આપી શકું તેમ છું. તને રાજા જનકે રચેલા સ્વયંવરમાં જોઇ ત્યારથી જ મારું મન તારી પાછળ મોહિત થયું છે. એમાં મારો કોઇ દોષ નથી જોતો, કારણ કે પુરુષ સ્ત્રીની પાછળ અને સ્ત્રી પુરુષની પાછળ મોહિત થાય છે એ પરંપરા સનાતન છે ને પુરાતન કાળથી ચાલી આવે છે. છતાં પણ મેં મોહિત થઇને તારી સાથે ઉત્તમ પુરુષને છાજે તેવો મર્યાદાપૂર્વક વ્યવહાર કર્યો છે.'

"બિલકુલ નહિ.' સીતા બોલી ઊઠી.

પરંતુ રાવણ બોલ્યો : 'મેં તને અહીં લાવીને પણ બનતા આરામપૂર્વક રાખવાની જ કોશિષ કરી છે. એ આરામનો લાભ તું નથી લેતી તેમાં હું શું કરું? મારા હૃદયમાં તારો રાગ પેદા થાય છે. એમાં પણ મને કોઇ અપરાધ નથી લાગતો. છતાં પણ આજે એક વાતની સ્પષ્ટતા કરું છું. હું ભિખારી નથી તે છતાં અવારનવાર આવીને તારા પ્રેમની ભીખ માગું છું અને તું મને અનુચિત વચનો કહી બતાવે છે. પરંતુ હવે મારી ધીરજ ખૂટવા આવી છે. તને એક મહિનાની મુદત આપું છું તે દરમિયાન શાંતિપૂર્વક વિચાર કરી લેજે. આજથી એક મહિનો પૂરો થતાં તું મારી થઇશ તો તો આનંદની વાત છે, એ સમાચાર મારે માટે નવજીવન આપનારા સાબિત થશે : પરંતુ જો તું મારી તૈયાર નહિ થાય તો તલવારથી તારા મસ્તકને અલગ કરી નાંખીશ. બસ એથી

વધારે મારે કશું જ નથી કહેવું.'

એમ કહીને રાવણ રોષભરી ચાલે ચાલી નીકળ્યો.

સીતાએ એના તરફ જોયું પણ નહિ.

(ક્રમશઃ)

## ક્ષમા

અધ્યાત્મના નવેમ્બર ૯૫ ના અંકના પાના ૪૭ ઉપરના લેખમાં છેલ્લા પેરેગ્રાફમાં 'ચારિત્ર્યશીલ વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ હોય છે. એનો સ્વભાવ આવેશ પ્રધાન કે અત્યંત સંવેદનશીલ હોતો નથી' તે પછી આ શબ્દો ઉમેરી વાંચવું. "એથી ઉલ્ટુ અચારિત્ર્યશીલ વ્યક્તિ" કોઇ પણ અનિચ્છનીય બનાવ બને અથવા અચાનક આપત્તિ આવી પડે ત્યારે ઇલાજ કરવાને બદલે શોકમાં ડૂબી જાય છે... વગેરે.

ઉપરોક્ત શબ્દો રહી જવાથી અર્થનો અનર્થ થાય છે. જે બદલ ક્ષમા યાચવામાં આવે છે.

— તંત્રી

## * ભગવાનના રહસ્યની ઝાંખી *

આ સંસારને સાધારણ કે જડ સમજતા નહીં. સંસાર તો ભગવાનનું સાકાર સ્વરૂપ છે. તેના અણુએ અણુમાં દેવત્વ રહેલું છે. તેની પ્રત્યેક વ્યક્તિ કે વસ્તુમાં ભગવાનનું દર્શન કરવાની દૈવી દૃષ્ટિ મેળવી લો તો જીવનમાં આનંદ આનંદ થઇ જશે. ભગવાનની ઝાંખી તમારે માટે પછી સહજ બની જશે. એકલવ્યની વાત તો જાણો છો ને? દ્રોણાચાર્યે તેને ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી તો તેણે શું કર્યું? જંગલમાં જઇને તેણે ગુરુ દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી, ને તેના સાન્નિધ્યમાં ધનુર્વિદ્યાના પ્રયોગો શીખવા માંડયા. તેના હૃદયમાં શ્રદ્ધા ને ભક્તિ હતી. પત્થરના રૂપમાં દ્રોણાચાર્ય પોતાની સામે હાજર છે એવી શ્રદ્ધા રાખીને તેણે પોતાની જાતને કેળવવા માંડી, તો થોડા જ વખતમાં તે ધનુર્વિદ્યામાં પારંગત થઇ ગયો. પત્થરમાં ગુરુનું દર્શન કરવાથી તેને મહાનતા ને સિદ્ધિ મળી ગઇ. તો પછી જે પત્થરમાં પ્રભુતા જુએ કે પ્રભુનું દર્શન કરે, તે તો મહાન બને જ તેમાં શી નવાઇ? તેની કાયા-પલટ થઇ જાય તેમાં શું આશ્ચર્ય? સંસારની કોઇ યે વસ્તુને ઈશ્વરમય માનીને તથા તેની સેવા ને પૂજા કરીને તમે વિરાટસ્વરૂપવાળા ઈશ્વરની પ્રાપ્તિ કરી શકો છો. વૃંદાવનની ગોપીઓ શ્રીકૃષ્ણને ભગવાન જાણી પ્રેમ કરતી ને ભજતી હતી. પરિણામે તેમને શાંતિ ને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થઇ. ભગવાન શ્રીકૃષ્ણે તેમની ભાવના જાણી લઇને તેમની આગળ પોતાના દૈવી સ્વરૂપના રહસ્યને ખોલી નાંખ્યું. એવી રીતે તમે ભગવાનના કોઇ યે સ્વરૂપને પ્રેમ કરો, માનો ને સેવો. જો તમારી ભાવના સાચી હશે, ને શુદ્ધ તથા ભગવાનમય હશે, તો તે દ્વારા તમને ભગવાનના રહસ્યની ઝાંખી જરૂર થશે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * પરમાત્માનો સાક્ષાત્કાર સહેલો નથી *

પરમાત્માનો સાક્ષાત્કાર સહેલો નથી. વધારે ભાગના માણસોને તેની ઈચ્છા પણ હોતી નથી તે તો સંસારની અંદર આસક્ત થઈ જાય છે. સંસાર સુંદર ને સુખમય છે તેની ના નહિ. પણ તે પ્રકૃતિરૂપી નટીનું સર્જન છે, ને પરમ સુંદર ને સૌથી સુખમય પરમાત્માની છાયારૂપ છે. વિવેકી માણસો તેવા સંસારમાં કે સંસારની વસ્તુઓમાં લપટાતા નથી. તેમાં આસક્ત થઈને ભાન ભૂલી જતા નથી, તેમ જ પરમાત્માની પ્રાપ્તિ કરવાના મહત્ત્વના કામને મૂકી દેતા પણ નથી. જે અવિવેકી કે અજ્ઞાની છે, તેમની વાત એથી ઊલટી હોય છે. તે તો પરમાત્માને તદ્દન ભૂલી જાય છે, ને સંસારને જ સર્વસ્વ સમજી લઈ તેમાં ડૂબી જાય છે શરીર ને ઈન્દ્રિયોનાં સુખો તેમને ખૂબ જ પ્રિય લાગે છે, ને તેથી ઉત્તમ ને ઉપકારક સુખ બીજું કોઈ છે જ નહિ, એવી તેમની માન્યતા હોય છે. એવા માણસો પ્રકૃતિના પાશમાં સપડાય છે. તેમની વાસનાઓ ને કામનાઓ વધતી જ જાય છે, ને તેના પ્રભાવથી તે આવાગમનમાં ફર્યા કરે છે. જન્મજન્માંતર સુધી તેમના લલાટમાં એ જ લેખ લખાઈ જાય છે. પૂર્ણ ને મુક્ત જીવનનો આનંદ તેમને મળી શકતો નથી. જીવનની શક્તિઓનો વિકાસ કરીને તે સમસ્ત પ્રકારનાં દુઃખ ને અલ્પતામાંથી મુક્તિ મેળવી શકતા નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧